પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૪૮ • કુલ પાના : ૪ • તારીખ : ૧૫-૧૦-૨૦૨૨ શનિવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# હિમાચલ પ્રદેશ વિધાનસભા ચૂંટણી એક જ તબક્કામાં ૧૨ નવેમ્બરે યોજાશે, જ્યારે ૮ ડિસેમ્બરે પરિણામ જાહેર થશે

## ગુજરાતમાં મતદાનની તારીખ નવેમ્બરના છેલ્લા અને ડિસેમ્બરના પહેલા વીકમાં એમ બે તબક્કામાં આવી શકે છે




નવીદિલ્હી,

ચૂંટણી પંચે આજે દિલ્હીના વિજ્ઞાન ભવનમાં પત્રકાર પરિષદ યોજીને હિમાચલ પ્રદેશમાં વિધાનસભા ચૂંટણીની તારીખોની જાહેરાત કરી છે. રાજ્યમાં ૧૨મી નવેમ્બરે ચૂંટણી યોજાશે અને એક જ ફેઝમાં મતદાન થશે. અત્રે જણાવવાનું કે હિમાચલ પ્રદેશ વિધાનસભાનો કાર્યકાળ ૮ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ સમાપ્ત થઈ રહ્યો છે. ૨૦૧૭માં થયેલી વિધાનસભા ચૂંટણીમાં ભાજપે જીત મેળવી હતી.

આજે હિમાચલ પ્રદેશ વિધાનસભાની ચૂંટણીની તારીખો જાહેર કરતા કેન્દ્રીય ચુંટણી કમિશ્નરે એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે હિમાચલ પ્રદેશમાં એક જ તબક્કતામાં મતદાન કરવામાં આવશે. ૧૨ નવેમ્બરે મતદાન કરવામાં આવશે અને ૮ ડિસેમ્બરે મતગણતરી કરવામાં આવશે. આમ, હિમાચલ પ્રદેશ વિધાનસબા ચૂંટણીનું પરિણામ ૮ ડિસેમ્બરે ૨૬ દિવસના ગેપ વચ્ચે જ ગુજરાત વિધાનસભાની ચૂંટણીનું મતદાન યોજાશે. હિમાચલ પ્રદેશ અને ગુજરાતની ચૂંટણીનું પરિણામ ૮ ડિસેમ્બરે એક જ દિવસે જાહેર થશે. સંભાવના એવી છે કે નવેમ્બરના અંતમાં એક તબક્કો અને ડિસેમ્બરની ૧થી ૫ તારીખ વચ્ચે બીજો તબક્કો એમ બે તબક્કામાં ગુજરાતમાં મતદાન થશે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીની તારીખ ૨૦ ઓક્ટોબર પછી જાહેર થાય એવી સંભાવના છે.

કેન્દ્રીય ચુંટણી કમિશ્નર રાજીવ કુમારે હિમાચલ પ્રદેશ વિધાનસભા ચૂંટણીનો સંપૂર્ણ કાર્યક્રમની વિગતો આપતાં જણાવ્યું હતું કે ચુંટણી માટે જાહેરનામુ- ૧૭ ઓક્ટોબર બહાર પાડવામાં આવશે ઉમેદવારીપત્રકો ૨૫ ઓક્ટોબર સુધી ભરી શકાશે જયારે મતદાન ૧૨ નવેમ્બરના રોજ યોજાશે જયારે મતગણતરી-૮ ડિસેમ્બરે યોજાશે તેમણે કહ્યું હતું કે હિમાચલ પ્રદેશ વિધાનસભાની કુલ બેઠકો- ૬૮ છે તેમાં કુલ મતદારો- ૫૫ લાખ છે જેમાંથી ૧.૮૬ લાખ લોકો પ્રથમ વખત મતદાન કરશે તેમણે કહ્યું હતું કે ૮૦ વર્ષથી ઉપરના મતદારો સંખ્યા ૧.૨૨ લાખ છે. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે કહ્યું કે ઓક્ટોબર મહિનો તહેવારોનો મહિનો છે અને તેમાં પણ 'લોકશાહીનો તહેવાર' આવી રહ્યો છે. તેમણે કહ્યું કે ચૂંટણી પંચે છેલ્લા ઘણા મહિનાઓથી તૈયારીઓ કરી છે. કોરોના રોગચાળાને ધ્યાનમાં રાખીને તૈયારીઓ પણ કરવામાં આવી છે.

રાજીવ કુમારે કહ્યું કે મતદાર યાદીની પ્રસિદ્ધિ થઈ ગઈ છે. નવા મતદારો ઉમેરાયા છે. ભૂલો સુધારવામાં આવી છે. શહેરોમાં મતદાન વધારવા માટે માટે જાગૃતિ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે તેમણે ૨૦૧૯ની લોકસભા ચૂંટણીનું ઉદાહરણ પણ ટાંક્યું જ્યાં મેટ્રો શહેરોમાં મતદાન ઓછું હતું. મુખ્ય ચૂંટણી કમિશનરે કહ્યું કે હિમાચલમાં કાર્યકાળ ૮ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ સમાપ્ત થઈ રહ્યો છે. કુલ ૫૫ લાખ મતદારો છે. જેમાંથી ૧૫ લાખ મતદારો બેલેટ દ્વારા મતદાન કરશે. ૧.૬ લાખ મતદારો પ્રથમ વખત મતદાન કરશે.

ચૂંટણી પંચે પ્રેસ કોન્ફરન્સ દરમિયાન જણાવ્યું કે ૮૦ વર્ષથી વધુ ઉંમરના, દિવ્યાંગ અથવા કોવિડ સંક્રમિત લોકો જે મતદાન કરવા માંગે છે પરંતુ મતદાન બુથ પર પણ ન આવી શકે, પંચ આવા મતદારોના ઘરે જઈને મતદાન કરવાની સુવિધા આપશે.મુખ્ય ચૂંટણી કમિશનરે કહ્યું કે દરેક બૂથ પર રેમ્પની વ્યવસ્થા હશે. પીવાના પાણીની વ્યવસ્થા કરવામાં આવશે. દરેક બૂથ ગ્રાઉન્ડ ફ્લોર પર હશે.મતદારોને વધુમાં વધુ સુવિધાઓ આપવાનો પ્રયાસ કરવામાં આવશે. કેટલાક મતદાન મથક એવા હશે કે જેનું સંચાલન માત્ર મહિલાઓ જ કરશે. દરેક વિધાનસભામાંઓછામાં ઓછું એક એવું બૂથ હશે. તે મહિલા સશક્તિકરણનું પ્રદર્શન કરશે. કેટલાક મતદાન મથકોનું સંચાલન અલગ-અલગ-વિકલાંગ સ્ટાફ દ્વારા કરવામાં આવશે.

મુખ્ય ચૂંટણી કમિશનરે જણાવ્યું હતું કે વૃદ્ધો અને દિવ્યાંગ મતદારોને પોસ્ટલ બેલેટની સુવિધા પૂરી પાડવામાં આવશે. નિષ્પક્ષતાની ખાતરી કરવા માટે સમગ્ર પ્રક્રિયાની વીડિયોગ્રાફી કરવામાં આવશે. હિમાચલ પ્રદેશ વિધાનસભાનો કાર્યકાળ ૮ જાન્યુઆરી ૨૦૨૩ સુધી છે. અહીં લગભગ ૫૫ લાખ મતદારો છે. ચૂંટણી પંચ પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું કે આવા ૧૧૮૪ મતદારો છે, જેમની ઉંમર સો વર્ષથી વધુ છે. કમિશને કહ્યું કે ચૂંટણી માટે નોટિફિકેશન ૧૭ ઓક્ટોબરે બહાર પાડવામાં આવશે. મુખ્ય ચૂંટણી કમિશનરે મીડિયાને પણ તથ્યો તપાસ્યા પછી સમાચાર પ્રકાશિત કરવાની સલાહ આપી હતી અને કહ્યું કે ફેક ન્યૂઝ પર નિયંત્રણ રાખવામાં આવશે. વર્તમાન મુખ્યમંત્રી જયરામ ઠાકુર ભાજપ તરફથી સૌથી મોટા દાવેદાર છે. જો ૨૦૧૭ની જેમ મોટો ફેરફાર થાય છે તો કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુર પણ સીએમનો ચહેરો બની શકે છે. કોંગ્રેસ તરફથી મુકેશ અગ્નિહોત્રી, કૌલ સિંહ ઠાકુર, સુખવિંદર સિંહ સુખુ, રામલાલ ઠાકુર, આશા કુમારી દાવેદારોની યાદીમાં સામેલ છે.

# ભાવનગરમાં બીજા જહાજમાં પ્રતિબંધિત સેટેલાઈટ ફોનનો ઉપયોગ થવા પર વિવાદ

ભાવનગર,

ભાવનગરના અલંગ શિપબ્રેકિંગ યાર્ડમાં હાલ સેટેલાઈટ ફોનનો મુદ્દો ઉઠ્યો છે. ભારતમાં સેટેલાઈટ ફોન પર પ્રતિબંધ છે, પરંતુ અલંગમાં આવેલા બે જહાજમાં સેટેલાઈટ ફોન મળી આવતા બંને જહાજ વિવાદમાં આવ્યા છે. થોડા દિવસ પહેલા શારજાહથી નિકળી અને અલંગ શિપબ્રેકિંગ યાર્ડના પ્લોટ નં.૮૨ (કિરણ શિપબ્રેકિંગ કંપની) દ્વારા ખરીદવામાં આવેલું જહાજ ડીડ-૧ અલંગની સામેના દરિયામાં ૧લી ઓક્ટોબરે આવી પહોંચ્યુ હતુ. જહાજના કેપ્ટન દ્વારા થુરાયા સેટેલાઈટ ફોન દ્વારા વિદેશમાં વાત કરીને ફોન દરિયામાં ફેંકી દેવાની ઘટના સામે આવી હતી. ત્યારે હવે ભંગાણ માટે આવેલ અન્ય શિપને ખેંચી લાવનાર ટગ બોટ ચર્ચામાં આવી છે. ભંગાણ માટે આવેલા ડેડ વેસલ અબા-૪ ને ખેંચી લાવનાર હલ્ક-૨ ટગમાં સેટેલાઈટ ફોનનો ઉપયોગ થયો હોવાનું સામે આવ્યું છે.

રિગ અબા-૪ ને અલંગ સુધી લાવવા દરમ્યાન સેટેલાઈટ ફોન ઓન-ઓફ થયો હોવાના ડેટા મળ્યા છે. જે આધારે કસ્ટમ, નેવી, મરીન પોલીસ, કોસ્ટગાર્ડ અને એસઓજી સહિતની ટીમે તપાસ હાથ ધરી છે. ૧૧ કલાક સુધી પૂછપરછ અને બોટની તપાસ કરી પરંતુ સેટેલાઈટ ફોન મળ્યો ન હતો.

ભારતમાં સેટેલાઈટ ફોન પર પ્રતિબંધ છે, પરંતુ અલંગમાં આવતા જહાજમાં સેટેલાઈટ ફોન હોય તો તેના માટે નિયમો બનાવાયા છે. જો કોઈ જહાજમાં સેટેલાઈન ફોન મળે તો કેપ્ટન દ્વારા સ્ટેટમેન્ટ આપી સરન્ડર કરી શકાય છે. ઈન્ટરનેશનલ ટેરીટરીમાં સેટેલાઈટ ફોનનો ઉપયોગ કર્યો હોય તો રૂપિયા ૫૦૦૦ સુધીની પેનલ્ટી અને ભારતીય જળસીમામાં ઉપયોગ કર્યો હોય તો ૫૦,૦૦૦ સુધીની પેનલ્ટીનો નિયમ છે.

૨૦૦૮ના મુંબઈ ૨૬/૧૧ નો હુમલો, જેમાં કસાબ સહિતના આતંકવાદીઓ એ સેટેલાઈટ ફોનનો ઉપયોગ કર્યો હતો, તેઓ દરિયાઈ માર્ગે આવ્યા એ દરમ્યાન પણ સતત સેટેલાઈટ ફોનનો ઉપયોગ થયો હતો, સેટેલાઈટ ફોન જેને કોઈ સીમ કાર્ડ કે ટાવરની જરૂર રહેતી નથી એને દુનિયાના કોઈ પણ છેડેથી ઓપરેટ કરી શકાય છે. આતંકવાદી પ્રવૃત્તિઓમાં તેનો સૌથી વધુ ઉપયોગ થઈ રહ્યો છે. સેટેલાઈટ ફોન વાપરવા પર ભારતમાં પ્રતિબંધ છે. જેથી દરિયાઈ માર્ગે આવતા જહાજો જે ભારતીય જળ સીમામાં પ્રવેશ કર્યા પછી તેનો ઉપયોગ કરી શકતા નથી. સેટેલાઈટ ફોન બે પ્રકારના હોય છે, એક ઈસ્ઈ સેટ સી લેન્ડલાઈન ફોન જેવો હોય છે, અને થુરાયા જે મોબાઈલ સેટ જેવો હોય છે. ભારતીય જળ સીમામાં પ્રતિબંધના પગલે એજન્સીઓ એ તપાસ હાથ ધરી હતી.

# EDએ દિલ્હીમાં ૨૫થી વધુ સ્થળોએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું, ત્રણની ધરપકડ કરાઈ




નવીદિલ્હી,

આમ આદમી પાર્ટીના નેજા હેઠળની દિલ્હી સરકારની નવી લિકર પોલિસીની રચના અને અમલીકરણમાં કથિત કૌભાંડના મામલે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે શુક્રવારે વધુ એક મોટી કાર્યવાહી હાથ ધરી છે. કેન્દ્રિય તપાસ એજન્સી ઈડીએ દિલ્હીમાં ૨૫થી વધુ સ્થળોએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. અહેવાલ અનુસાર ઈડીએ શહેરના ઘણા મોટા દારૂના વેપારીઓના ઘર, દુકાન, ગોડાઉન અને અન્ય સ્થળો પર દરોડા પાડ્યા છે. અગાઉ ૧૬ સપ્ટેમ્બરે ઈડીએ દિલ્હી-એનસીઆર બેંગ્લોર, હૈદરાબાદ, નેલ્લોર અને ચેન્નાઈ સહિત દેશભરમાં ૪૦ સ્થળો પર દરોડા પાડ્યા હતા. આ દરમિયાન ઈડીએ હૈદરાબાદમાં જ ૨૫ સ્થળો પર દરોડા પાડ્યા હતા. ત્યારબાદ ૭ ઓક્ટોબરે પણ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા દિલ્હી, પંજાબ અને હૈદરાબાદમાં ૩૫ સ્થળો પર દરોડા પાડવામાં આવ્યા હતા.ઈડીએ ત્રણ વ્યક્તિઓની ધરપકડ કરી હોવાનું સુત્રોએ જણાવ્યું હતું.

લિકર પોલિસી સંબંધિત ઈડીનો મની લોન્ડરિંગ કેસ સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશનની એફઆઈઆર પર આધારિત છે, જેમાં દિલ્હીના નાયબ મુખ્ય પ્રધાન મનીષ સિસોદિયા અને કેટલાક અમલદારોને આરોપી તરીકે નામ આપવામાં આવ્યા છે. ૧૯ ઓગસ્ટના રોજ સીબીઆઈએ આ કેસના સંબંધમાં સિસોદિયા, આઈએએસ અધિકારી અને દિલ્હીના ભૂતપૂર્વ આબકારી કમિશનર આરવ ગોપી કૃષ્ણના દિલ્હી નિવાસસ્થાન અને સાત રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૧૯ અન્ય સ્થળોએ દરોડા પાડ્યા હતા. મનીષ સિસોદિયા પાસે અરવિંદ કેજરીવાલની આગેવાની હેઠળની દિલ્હી સરકારમાં એક્સાઈઝ અને એજ્યુકેશન સહિત અનેક પોર્ટફોલિયો છે. કથિત કૌભાંડમાં અત્યાર સુધીમાં ૩ ધરપકડ કરવામાં આવી છે, જેમાં આમ આદમી પાર્ટીના આઈટી સેલના વડા વિજય નાયર અને દારૂના કારોબારના સહયોગી સમીર મહેન્દ્રુ, અભિષેક બોઈનપલ્લીના નામ સામેલ છે.

લેફ્ટનન્ટ ગવર્નરે દિલ્હીના મુખ્ય સચિવના અહેવાલના આધારે નવી લિકર પોલિસીની રચના અને અમલીકરણમાં કથિત કૌભાંડની સીબીઆઈ તપાસની ભલામણ કરી હતી. ચીફ સેક્રેટરીએ ૮મી જુલાઈના રોજ પોતાનો રિપોર્ટ ન્ને મોકલ્યો હતો, જેમાં તેમણે ગયા વર્ષે અમલમાં મૂકાયેલી એક્સાઈઝ પોલિસીમાં બેદરકારી તેમજ નિયમોની અવગણના અને તેના અમલીકરણમાં ગંભીર ક્ષતિનો આક્ષેપ કર્યો હતો. તેમાં અન્ય બાબતોની સાથે ટેન્ડરોને અંતિમ સ્વરૂપ આપવામાં અનિયમિતતા અને પસંદ કરેલ વિક્રેતાઓને ટેન્ડર પછીના લાભોનો સમાવેશ થાય છે.

દિલ્હીના મુખ્ય સચિવે ઉપરાજ્યપાલને મોકલેલા અહેવાલમાં આક્ષેપ કર્યો હતો કે દારૂ વેચનારાઓની લાઈસન્સ ફી માફ કરવાને કારણે સરકારને ૧૪૪ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે અને આબકારી મંત્રી તરીકે મનીષ સિસોદિયાએ આ જોગવાઈઓની અવગણના કરી હતી.

ભાજપ અને કોંગ્રેસે આ કથિત કૌભાંડનો આરોપ લગાવીને દિલ્હી સરકાર સામે જોરદાર વિરોધ પ્રદર્શન કર્યું હતું. વિવાદ વધતાં દિલ્હીની આમ આદમી પાર્ટીની સરકારે નવી એક્સાઈઝ પોલિસી પાછી ખેંચી લીધી હતી. આ પછી સીબીઆઈએ કેસમાં ફ્રૈંઇ નોંધીને તેની તપાસ શરૂ કરી અને તેના આધારે ઈડીએ મની લોન્ડરિંગનો કેસ નોંધ્યો છે,જે સંદર્ભે ઈઢએ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# મનપાના બહુચર્ચિત ફરાસખાના કૌભાંડ મુદ્દે ACB તપાસની અટકળોથી કૌભાંડીઓ ફફડયા

વડોદરા,

(Vadodara) મ્યુનિસિપલ કોર્પોરેશનના (Vadodara Municipal Corporation) બહુચર્ચિત ફરાસખાના કૌભાંડની ACB દ્વારા તપાસ શરૂ કરાઈ હોવાની અટકળોથી કૌભાંડીઓમાં ગભરાટ વ્યાપી ગયો છે. મ્યુનિસિપલ કમીશ્નર શાલિની અગ્રવાલની બદલી સાથે જ કૌભાંડ ની તપાસ અંગે ACB હરકતમાં આવી છે. નોંધનીય છે કે ફરાસખાનાના કોન્ટ્રકટરોની સ્પર્ધામાં કૌભાંડ અને ગેરરીતિની હકીકતો પ્રકાશમાં આવી હતી. છેલ્લા ૫ વર્ષથી એકજ કોન્ટ્રાક્ટરને કામ અપાતા ગેરરીતિ અંગે તપાસ માટે અરજી થઈ છે. ફરાસખાનાના કોન્ટ્રાક્ટમાં કૌભાંડ થવા અંગે શહેરી વિકાસ વિભાગમાં થયેલી ફરિયાદ બાબતે શહેરી વિકાસ વિભાગે લાંચ રુશ્વત વિરોધી શાખાને સુચના આપી હતી. જેના અનુસંધાને એસીબીએ પાલિકામાં પત્ર મોકલી કૌભાંડની તપાસ કરી અહેવાલ મોકલવા જણાવતા પાલિકામાં ખળભળાટ મચી ગયો છે. વડોદરા મહાનગર પાલિકામાં ફરાસખાનાના કોન્ટ્રાકટમાં માનીતા કોન્ટ્રાકટરને કાયદા વિરુદ્ધ કોન્ટ્રાક્ટ અપાયાની ફરિયાદ થઈ હતી. કોન્ટ્રાકટમાં નિયમો વિરુદ્ધ જઈ કોન્ટ્રાકટ આપવામાં આવ્યો હોવાની ફરિયાદ અંગે એસીબીએ પાલિકાને તપાસ કરવા જણાવ્યું છે. પ્રતિસ્પર્ધી કોન્ટ્રકટર દ્વારા ૭ ફેબ્રુઆરી એ રાજ્યના મુખ્ય સચિવ, તકેદારી આયોગ અને ACB ને કરાયેલ અરજી સંદર્ભે VMC ની જનસંપર્ક વિભાગમાં વિગતો માંગતો પત્ર આવતા ભૂકંપ જેવી સ્થિતિનું નિર્માણ થયું છે. જનસંપર્ક અધિકારી હાજર હોવા છતાં ઈન્ચાર્જ જનસંપર્ક અધિકારી સુમન રાઠવા દ્વારા ખોટી રીતે ફરસખાના કંપનીના પ્રમાણ પત્રો પ્રમાણિત કરાયા હોવાના આક્ષેપો થયા હતા. અધિકારીઓએ ટેન્ડર ભરનાર કોન્ટ્રાક્ટરે પોતાના માનીતા અને લાગતા વળગતાને કામ મળે તેવા પ્રયાસ કર્યા હોવાના ગંભીર આક્ષેપ છે ત્યારે ફરિયાદ બાદ તે શહેરી વિકાસ વિભાગે આ અંગે લાંચ-રુશ્વત વિભાગને અરજી મોકલી હતી.

# ગાંધીનગરના જૂના સચિવાલયમાં આગ : બ્લોક નંબર ૧૬ના પહેલા માળે વિકાસ કમિશ્નર કચેરીમા આગ લાગી



ગાંધીનગર,


ગાંધીનગરના જૂના સચિવાલયની ઓફિસો ખૂલે અને કામગીરી શરૂ થાય એ પહેલાં આજે સવારે આગ લાગવાની ઘટના સામે આવી હતી. સવારે ૮ વાગ્યાના અરસામાં જૂના સચિવાલયમાં ગેટ પાસે આવેલા બ્લોક નંબર ૧૬ના પહેલા માળે લાગી હતી. જેમાં વિકાસ કમિશ્નર કચેરી ઝપેટમાં આવી ગઈ હતી. આ આગ નજરે જોનારા મુજબ સૌ પ્રથમ બારીમાં ધુમાડા નીકળતા જોયા હતા અને પછી ઊંચે સુધી ધુમાડા ગયા અને આગ પ્રસરી હતી. ફાયર વિભાગને જાણ કરાતા ફાયરની ૪ ગાડીઓ આશરે ૫૦ હજાર લિટર પાણીનો મારો ચલાવીને આગ પર કાબુ મેળવી લીધો હતો. અને ધુમાડાને બહાર કાઢવાની અને કુલીંગ કરવાની કામગીરી કરાઈ હતી. ગાંધીનગર ફાયર કંટ્રોલ કચેરી રોડની અન્ય બાજુમાં હોવાથી ફાયર ફાઈટર ટીમ ઘટના સ્થળે આવી પાણીનો મારો ચલાવ્યો હતો અને પ્રસરી રહેલ આગને નિયંત્રણ લીધી હતી. આ આગ લાગી એ જગ્યા વિકાસ કમિશ્નર કચેરી આવેલી છે. જે આગની ઝપેટમાં આવી ગઈ છે. આગ લાગતાં જોઈ અવર જવર કરનાર લોકોનું ટોળું જૂના સચિવાલય એકત્રિત થઈ ગયું હતું. આ આગ લાગી ત્યારે કચેરીના કર્મચારીઓ કે અધિકારીઓ હાજર ન હોવાથી કચેરી ખાલી હતી જેને લઈને જાનહાનિ ટળી હતી. જોકે, કચેરીમાં રહેલા સરકારી કાગળ, ફર્નિચર અને ડિજિટલ ડીવાઈસને વ્યાપક પ્રમાણમાં નુકસાન ગયુ હોવાનું અનુમાન લગાવાઈ રહ્યું છે.

# મુંબઈ એરપોર્ટ પરથી ૮.૪૦ કરોડનું સોનું ઝડપાયું ભારતીય નાગરિકની ધરપકડ

મુંબઈ,

મહારાષ્ટ્રથી આવી રહેલા મોટા સમાચાર અનુસાર કસ્ટમ વિભાગે અહીંના મુંબઈ એરપોર્ટ પરથી ૧૬ કિલો સોનું જપ્ત કર્યું છે. તે જ સમયે, આ રિકવર થયેલા સોનાની કિંમત અંદાજે ૮.૪૦ કરોડ રૂપિયા આંકવામાં આવી છે. મળતી માહિતી અનુસાર, આ સોનું એક ભારતીય નાગરિક પાસેથી મળી આવ્યું હતું, જે ઈથોપિયાથી મુંબઈ પહોંચ્યો હતો. હાલ પોલીસે આરોપીની ધરપકડ કરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. નોંધનીય છે કે, ગુરુવારે જ કસ્ટમ વિભાગે મુંબઈ એરપોર્ટ પરથી ૧૫ કિલો સોનું અને ૨૨ લાખ રૂપિયાની વિદેશી ચલણ જપ્ત કરી હતી. આ ૧૫ કિલો સોનાની કુલ કિંમત ૨૨ લાખ રૂપિયા અને વિદેશી હૂંડિયામણ ૮ કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે. તે જ સમયે, આ કેસમાં અત્યાર સુધીમાં ૭ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

# રામ રહીમને ૪૦ દિવસની પેરોલ, વર્ષમાં ત્રીજી વખત આવશે જેલની બહાર



નવીદિલ્હી,

રોહતકની સુનારિયા જેલમાં બંધ ગુરમીત રામ રહીમને ફરી એકવાર પેરોલ મળી છે. રામ રહીમ ગમે ત્યારે જેલમાંથી બહાર આવી શકે છે. એક તરફ પોલીસે સુરક્ષા વ્યવસ્થાને લઈને તમામ તૈયારીઓ કરી લીધી છે ત્યારે જેલ પ્રશાસન સુધી રીલીઝ ઓર્ડર પહોંચ્યા નથી. તે જ સમયે, આ વખતે ગુરમીત રામ રહીમને જેલમાંથી એરલિફ્ટ કરવામાં આવશે. ઈન્ટેલિજન્સ રિપોર્ટ બાદ જેલ પ્રશાસને સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લીધો છે. મળતી માહિતી પ્રમાણે રામ રહીમને પેરોલ મળી ગઈ છે, હવે પેરોલનો સમયગાળો ક્યાં પસાર કરવામાં આવશે તે નક્કી કરવામાં આવી રહ્યું છે. રાજસ્થાનમાં તંબુ ઉપરાંત બાગપતમાં પણ વિચારણા કરવામાં આવી રહી છે, જ્યાં પેરોલનો છેલ્લો સમયગાળો વિતાવ્યો હતો.રામ રહીમ ૨૦૧૭થી સુનારિયા જેલમાં બંધ છે. પંજાબ ચૂંટણી દરમિયાન તેને ૨૧ દિવસ માટે પેરોલ આપવામાં આવ્યો હતો, તે દરમિયાન તે ગુરુગ્રામના ડેરામાં રહ્યો હતો. જે બાદ તેને ૩૦ દિવસની પેરોલ મળી હતી જે બાદ યુપીના બાગપત સ્થિત ડેરામાં વિતાવી હતી. હવે રાજ્યમાં આદમપુર વિધાનસભાની પેટાચૂંટણી પહેલા પેરોલ આપવામાં આવી રહી છે. આ વખતે ૪૦ દિવસની પેરોલ મંજૂર કરવામાં આવી છે. રામ રહીમની પેરોલનો સમય ક્યાં કાપવામાં આવશે તે હજુ નક્કી થયું નથી.

# વિરોધાભાસી વલણ : રિટેલ ફુગાવો ૫ મહિનાની ટોચે તો જથ્થાબંધ મોંઘવારી ૧૮ મહિનાના તળિયે

નવીદિલ્હી,

ભારતમાં મોંઘવારી દરના આંકડામાં આ મહિને વિરોધાભાસી વલણ જોવા મળી રહ્યું છે. બે દિવસ અગાઉ આવેલ ગ્રાહક સ્તરનો મોંઘવારી દર ૫ મહિનાની ટોચે પહોંચતા ફરી સરકાર અને આરબીઆઈના શ્વાસ અદ્ધર થઈ ગયા હતા. વ્યાજદર વધારાનું શસ્ત્ર ઉગામ્યા છતા સૌથી મોટા અર્થતંત્ર અમેરિકા અને ભારત જેવા સૌથી ઝડપી ગતિએ વધી રહેલ અર્થતંત્રોમાં મોંઘવારી કાબૂમાં નથી આવી રહી તેવા અવલોકનોને પગલે વિશ્વજગતમાં ચિંતાનું મોજું ફરી વળ્યું હતુ પરંતુ આજે આવેલ ભારતના જથ્થાબંધ મોંઘવારી દરના આંકડા રાહત આપનારા છે.

ભારતનો જથ્થાબંધ ભાવ સૂચકાંક સપ્ટેમ્બરમાં ૧૦.૭ ટકાના સ્તરે પહોંચ્યો છે, જે ૧૮ મહિનાની સૌથી નીચી સપાટી છે. વાણિજ્ય મંત્રાલયે ૧૪ ઓક્ટોબરે જાહેર કરેલ આંકડા અનુસાર ઓગસ્ટમાં ડબ્લ્યુપીઆઈ ફુગાવો ૧૨.૪૧ ટકા હતો. સપ્ટેમ્બર ૨૦૨૧માં જથ્થાબંધ મોંઘવારી દર ૧૧.૮૦ ટકા હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે જથ્થાબંધ ફુગાવો સપ્ટેમ્બરમાં સતત ચોથા મહિને ઘટ્યો હતો, પરંતુ છેલ્લા દોઢ વર્ષથી તે ૧૦ ટકાની ઉપર છે. સપ્ટેમ્બરમાં ખાદ્ય ચીજવસ્તુઓનો ફુગાવો અગાઉના મહિનાના ૧૨.૩૭ ટકાની સરખામણીમાં ઘટીને ૧૧.૦૩ ટકા થયો હતો. મેન્યુફેક્ચરિંગ ગુડ્સ સેગમેન્ટમાં ૬.૩૪ ટકાની વૃદ્ધિ નોંધાઈ છે. સૌથી મહત્વના પ્રાઈમરી આર્ટિકલ્સના ફુગાવામાં ૧૧.૭૩ ટકાની વૃદ્ધિ જોવા મળી છે.ઈંધણ અને પાવર સેગમેન્ટનો WPI આંકડો ઓગસ્ટના ૩૩.૬૭ ટકાની સામે ૩૨.૬૧ ટકા પર રહ્યો છે.

તાજેતરમાં સપ્ટેમ્બર મહિના માટે રિટેલ ફુગાવો વધીને ૭.૪ ટકા થઈ ગયો છે જે આરબીઆઈના નિધારિત ૨-૬ ટકાની ઉપલી મર્યાદા કરતા સતત નવમા મહિને વધુ છે. "સપ્ટેમ્બર, ૨૦૨૨માં ફુગાવો મુખ્યત્વે ખનિજ તેલ, ખાદ્ય ચીજવસ્તુઓ, ક્રૂડ પેટ્રોલિયમ અને કુદરતી ગેસ, કેમિકલ અને કેમિકલ પ્રોડ્કટો, બેઝિક મેટલ્સ, ઈલેક્ટ્રિસિટી, કાપડ વગેરેના ભાવમાં અગાઉના વર્ષના સમાન મહિનાની સરખામણીએ ઘટાડો થવાથી ડબ્લ્યુપીઆઈ કાબૂમાં જોવા મળ્યો છે", તેમ એક નિવેદનમાં જણાવાયું છે.

# રાજ્યમાં ડબલ ઋતુ વચ્ચે સવારે ગુલાબી ઠંડીનો અહેસાસ

અમદાવાદ,

અમદાવાદ સહિત સહિત રાજ્યમાં તાજેતરમાં અંતિમ રાઉન્ડનો વરસાદ પડ્યા બાદ છેલ્લા થોડા દિવસોથી ડબલ ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. વ્હેલી સવારે અને રાત્રે ઠંડક તથા બપોરે ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. દરમ્યાન આજરોજ વ્હેલી સવારે રાજકોટ સહિત અનેક સ્થળોએ હવામાંથી ભેજનું પ્રમાણ ઘટતા ગુલાબી ઠંડીનો અહેસાસ થવા પામ્યો હતો. રાજકોટ, ગાંધીનગર, અમદાવાદ, અમરેલી, વડોદરા સહિતનાં સ્થળોએ આજે સવારે ગુલાબી ઠંડી સાથે આહલાદક વાતાવરણ અનુભવાયું હતું. આજરોજ રાજ્યમાં સૌથી નીચુ તાપમાન ગાંધીનગર અને અમરેલી ખાતે નોંધાવા પામ્યું હતું. આજે સવારે ગાંધીનગર ખાતે ૧૭.૭ ડીગ્રી અને અમરેલી ખાતે ૧૯ ડીગ્રી લઘુતમ તાપમાન નોંધાવા પામ્યું હતું. જ્યારે, રાજકોટમાં આજે સવારે લઘુતમ તાપમાન ૨૨.૪ ડીગ્રી નોંધાયું હતું અને હવામાં ભેજ ૫૦ ટકા રહ્યો હતો. જ્યારે પવનની સરેરાશ ઝડપ ૬ કિ.મી. રહેવા પામી હતી. દરમ્યાન આજે સવારે અમદાવાદ ખાતે ૨૧.૯ ડીગ્રી લઘુતમ તાપમાન નોંધાતા અમદાવાદવાસીઓએ પણ ગુલાબી ઠંડી અનુભવી હતી તેમજ વડોદરામાં આજે સવારે ૨૧.૬ ડીગ્રી, ભાવનગરમાં ૨૩ અને ભૂજમાં ૨૨ ડીગ્રી લઘુતમ તાપમાન નોંધાવા પામ્યું હતું. દર વર્ષે શિયાળામાં જ્યાં શરુઆતથી જ સૌથી વધુ ઠંડી નોંધાય છે તે ડિસામાં આજે સવારે ૨૩.૪ ડીગ્રી અને નલિયામાં ૨૦.૨ ડીગ્રી જેટલું ઉંચુ લઘુતમ તાપમાન નોંધાયું હતું. આ ઉપરાંત આજે સવારે દિવમાં ૨૨.૬, દ્વારકામાં ૨૪.૫, કંડલામાં ૨૫, ઓખામાં ૨૫.૫, પોરબંદરમાં ૨૧.૪, સુરતમાં ૨૩.૭ અને વેરાવળ ખાતે ૨૪ ડીગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું.

## જાહેર હરાજી

વેજલપુર તા.કાલોલ ની પ્રા.શાળામાં લીમડાના સુકા લાકડા આશરે અડધી ટ્રેકટર ટ્રોલી જેટલા છે. જેની હરાજી તા.૧૯/૧૦/૨૦૨૨ ના રોજ ૧:૦૦ કલાકે રાખવામાં આવેલ છે. તો ૧૨:૦૦ કલાક સુધીમાં હાજર રહેવું.

સ્થળ : કુમાર શાળા વેજલપુર

આચાર્ય
વેજલપુર પ્રાથમિક શાળા
તા.કાલોલ, જી.પંચમહાલ

મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લાના લુણાવાડા ખાતે યોજાયો જિલ્લા કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો

- ગરીબી નિવારણ માટે નોંધારાનો આધાર બની સરકાર.
- સમાજના તમામ વર્ગોના ઉત્થાન માટે પ્રતિબધ્ધ છે.
- વિવિધ યોજનાકીય લાભોના ૨૫ લાભાર્થીઓને સ્ટેજ પરથી મંત્રી ડો.કુબેરભાઈ ડીંડોર અને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે સાધન-સહાયનું વિતરણ કરાયું.
- ગરીબ કલ્યાણ મેળા દરમિયાન જિલ્લાના વિવિધ વિભાગો તરફથી કુલ ૧૬૫૫ લાભાર્થીઓને રૂા.૪૮૬ લાખથી વધુ રકમની સાધન-સહાયનું વિતરણ.

મહીસાગર,

જિલ્લા કક્ષાનો ૧૩મો ગરીબ કલ્યાણ મેળો પી એન પંડ્યા આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, લુણાવાડા ખાતે ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રી ડો.કુબેરભાઈ ડીંડોરના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો.



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રી ડો.કુબેરભાઈ ડીંડોરે મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની ગુજરાત સરકાર ગરીબી નિવારણ માટે નોંધારાનો આધાર બની સરકારની અનેકવિધ કલ્યાણકારી યોજનાઓના લાભો વચેટિયાઓને નાબૂદ કરીને સીધેસીધા તેમના હાથોહાથ પહોંચાડીને સમાજના તમામ વર્ગોના ઉત્થાન માટે પ્રતિબધ્ધ હોવાનું કહ્યું હતું. તેમણે વધુમાં સાચા લાભાર્થીઓના હાથમા સીધેસીધા લાભો પહોંચાડીને સરકારે તેના પારદર્શક વહીવટની જનતા જનાદર્નને પ્રતિતિ કરાવી હોવાનું ઉમેર્યું હતું.

મહીસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા ખાતે યોજાયેલ જિલ્લા કક્ષાના ગરીબ કલ્યાણ મેળામાં ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રી ડો.કુબેરભાઈ ડીંડોરે સ્ટેજ ઉપરથી ૨૫ લાભાર્થીઓને પ્રતિકાત્મક સાધન-સહાયનું વિતરણ કરતાં જણાવ્યું હતું કે, ગરીબોના બેલી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી સુશાસનના સંકલ્પ સાથે રાજયના મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ જનકલ્યાણના સેવા યજ્ઞ માટે સમર્પિત સતત કાર્યશીલ ગુજરાત સરકાર દ્વારા ગરીબી નિવારણ કરવા માટે ગરીબ કલ્યાણ મેળાઓ આશીર્વાદરૂપ બની રહ્યા છે.

ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રી ડો.કુબેરભાઈ ડીંડોરે કેન્દ્ર-રાજય સરકારની આરોગ્ય-શિક્ષણ-રોડ-રસ્તાઓ, કૃષિ જેવા વિવિધ ક્ષેત્રે હાંસલ કરવામાં આવેલ સિદ્ધિઓની ઝાંખી કરાવી મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની સરકાર જનસેવા-લોકહિતના કામો માટે પ્રબળ સંકલ્પ, અડગ આત્મવિશ્વાસ અને અખૂટ જોમ જુસ્સાથી અવિરત સૌના સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસથી વિકાસરૂપી ગંગા અને ગરીબો-શોષિતો-વંચિતો સહિત તમામ વર્ગોના વિકાસ માટે સંકલ્પબધ્ધ હોવાનું જણાવ્યું હતું.

આ પ્રસંગે મંત્રીએ મહીસાગરવાસીઓને રાજય સરકારની અનેકવિધ યોજનાઓના માધ્યમથી આત્મનિર્ભર બનવાની સાથે આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારતની કલ્પનાને સાકાર કરવા અનુરોધ કર્યો હતો.

લુણાવાડા ખાતે યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં સ્ટેજ ઉપરથી ૨૫ લાભાર્થીઓને પ્રતિકાત્મક સાધન-સહાયનું વિતરણ કરવામાં આવ્યા બાદ રાજય સરકારના વિવિધ વિભાગોના યોજનાકીય લાભો અંતર્ગત ૧૬૫૫ લાભાર્થીઓને રૂા. ૪૮૬ લાખથી વધુ સાધન-સહાય-ચેકોનું સ્થળ ઉપર જ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે હાથોહાથ વિતરણ કરવામાં આવ્યું હતું.

જિલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન ડામોરે જણાવ્યું હતું કે, છેલ્લા બે દાયકાથી ડબલ એન્જિનની સરકારના કારણે ગુજરાતની અવિરત ચાલી આવતી રાજયની સરકાર ઉપર મૂકવામાં આવેલ વિશ્વાસનું વળતર વિકાસથી આપવામાં આવતાં સરકારને જનતા જનાર્દનનું વ્યાપક સમર્થન પ્રાપ્ત થયું છે. ગુજરાતે છેલ્લા ૨૦ વર્ષમાં અનેક જનહિતલક્ષી કાર્યો દ્વારા અપાર ઉપલબ્ધિઓ મેળવી છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ડબલ એન્જિનની સરકારમાં ગુજરાતનાં બે દાયકાઓ પ્રાયોરિટી, પોલીસી અને પર્ફોમન્સનાં રહ્યાં છે. આ ઉપરાંત એડવાન્સમેન્ટ, એમ્પાવરમેન્ટ અને ડેવલપમેન્ટને વરેલાં રહ્યાં છે.

ધારાસભ્ય જીજ્ઞેશભાઈ સેવકે પ્રાસંગિક ઉદ્દબોધન કરતાં ગરીબો-મધ્યમવર્ગ-ખેડૂતો સહિત તમામ વર્ગોનું કલ્યાણ કેવી રીતે મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની નેતૃત્વ હેઠળની સરકાર સતત ચિંતા કરીને રાજયના નાગરિક પગભર-આત્મનિર્ભર થાય તે માટે કામ કરી રહી હોવાનું જણાવ્યું હતું. તેમણે વધુમાં રાજય સરકારની વિવિધ યોજનાઓની જાણકારી આપી ગરીબ લાભાર્થીઓને મળવાપાત્ર લાભો સીધા તેમના હાથમાં પહોંચાડવામાં આવી રહ્યાં છે. ત્યારે જે લાભાર્થીઓને લાભ પ્રાપ્ત થયા છે તેવા લાભાર્થીઓને અભિનંદન-શુભેચ્છાઓ પાઠવી તેમનું જીવનધોરણ ઊંચું આવે તેવી શુભકામનાઓ પાઠવી હતી.

પ્રારંભમાં નિવાસી અધિક કલેકટર સી વી લટાએ સ્વાગત પ્રવચન કરી કર્યું હતું. જયારે અંતમાં ખેતીવાડી અધિકારી જગડીશભાઈએ આભારવિધિ કરી હતી.

આ પ્રસંગે ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રી ડો.કુબેરભાઈ ડીંડોર સહિત ઉપસ્થિત સર્વે મહાનુભાવોએ રાજયના મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં રાજય કક્ષાના ગોધરા ખાતે યોજાયેલ ગરીબ કલ્યાણ મેળાનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું.

મંત્રી સહિત ઉપસ્થિત સર્વે મહાનુભાવોએ ગરીબ કલ્યાણ મેળાના સ્થળે વિવિધ વિભાગોના સ્ટોલોની મુલાકાત લઈ નિરીક્ષણ કરી માહિતી મેળવી લાભાર્થીઓ સાથે વાર્તાલાપ કર્યો હતો.

આ પ્રસંગે, કલેક્ટર ડો મનિષકુમાર, જિલ્લા વિકાસ અધિકારી કે.ડી. લાખાણી, જિલ્લા પોલીસ અધિક્ષક રાકેશ બારોટ, તાલુકા પંચાયતના પ્રમુખઓ, નગરપાલિકાના પ્રમુખ, જિલ્લા-તાલુકા પંચાયતના સભ્યઓ, જિલ્લા-તાલુકાના પદાધિકારીઓ, પ્રાંત અધિકારીઓ, જિલ્લાના વિવિધ વિભાગોના અધિકારીઓ, મામલતદારઓ, તાલુકા વિકાસ અધિકારીઓ, વિવિધ યોજનાઓના લાભાર્થીઓ અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

## ગોધરા તાલુકાના પ્રા.શિક્ષણ કચેરીના ઈન્ચાર્જ TPEO ની તાલુકા શિક્ષક સંઘ શુભેચ્છા મુલાકાત લીધી



ગોધરા,

ગોધરા તાલુકા પ્રાથમિક શિક્ષણ કચેરી નવા ઈન્ચાર્જ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી તરીકે સોમાભાઈ એન.સોલંકીની નિમણૂંક કરવામાં આવી છે. ત્યારે નવા ઈન્ચાર્જ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીને તાલુકા શિક્ષક સંઘના પ્રમુખ ભાનુભાઈ અગ્રવાલ, મહામંત્રી વિજયસિંહ આર.રાઠોડ, જીલ્લા પ્રતિનિધી મનજીભાઈ એમ.પટેલ, ખજાનચી જશવંતસિંહ બારીયા એ ગોધરા તાલુકા તાલુકા શિક્ષકો વતી શુભેચ્છા પાઠવામાં આવી.

## ઘોઘંબા ગ્રામ્ય વિસ્તારમાં આપ પાર્ટીના ડોર ટુ ડોર પ્રચાર પ્રસાર શરૂ



હાલોલ,

હાલોલ વિધાનસભા મતવિસ્તારના ઘોઘંબા ગ્રામ્ય વિસ્તારોમાં વેલકોતર કણબી પાલ્રી જીંજરી બાકરોલ વાંકોડ મોલ તેમજ હાલોલ ગ્રામ્ય વિસ્તારોમાં ડોર ટુ ડોર ગેરેન્ટી રજીસ્ટ્રેશન હાલોલ વિધાનસભા મતવિસ્તારમાં નાવરીયા કાટડીયા વાવ તેમજ હાલોલના ગ્રામ્ય વિસ્તારમાં ડોર ટુ ડોર પ્રચાર પ્રસાર કર્યો.

પંજાબ ટીમ તેમજ હાલોલ વિધાનસભા સંગઠન મંત્રી તેમજ ગુજરાત પ્રદેશ રાજ્ય સંયુક્ત સચિવ યુવા, ભરત રાઠવા તેમજ ગ્રામજનો સાથે ડોર ટુ ડોર પ્રચાર કરવામાં આવ્યું. ગ્રામજનોનો ખૂબ સરસ પ્રતિસાદ મળ્યો.



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુરમાં નાતેખાંનો મહેફીલએ મિલાદનો ભવ્ય કાર્યક્રમ યોજવામાં આવ્યો. સંતરામપુર નગરના શિકારી ફળિયામાં મોહમ્મદી મોહલ્લામાં બોરસદના મશહોર મોબિન અશરફી દ્વારા નાતેખાં નો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મસ્જિદના પેસ ઈમામ ફહીમ રજા મૌલાના અનીશ તમામ તમામ પેસ ઈમામે મુસ્લિમ ઘાંચી સમાજના પ્રમુખ હાજી અશફાક ભૂરા, સલામભાઈ ગટલી મોટી સંખ્યામાં અગ્રણીઓ પણ હાજર રહ્યા હતા.

## પંચમહાલ જીલ્લામાં આવનાર બીજેપીની ગૌરવ યાત્રાને મીટીંગોનો દોર શરૂ થયો



ગોધરા,

આવનાર ૧૬ અને ૧૭ ઓક્ટોબરના રોજ ભારતીય જનતા પાર્ટીની ગૌરવ યાત્રા પંચમહાલ જિલ્લામાં આવનાર છે. ત્યારે તેની તૈયારી માટે પંચમહાલ જિલ્લા ભાજપ તેના સુચારૂ આયોજન માટે મિટિંગોનો દોર શરૂ કરી દેવામાં આવ્યો છે અને જિલ્લા સ્તર થી માંડી વિધાનસભા સ્તર સુધીની જુદી જુદી ટીમો બનાવીને ગૌરવ યાત્રા સફળતા પૂર્વક જિલ્લા માંથી પસાર થયા એ નક્કી કરી લેવાયું છે.

આગામી ૧૬ મી ઓક્ટોબરના રોજ હાલોલના બાસ્કા ખાતે થી ગૌરવ યાત્રાનો પ્રવેશ થનાર છે. જેના ભવ્ય સ્વાગત થી માંડી બાઈક રેલી અને ત્યારબાદ હાલોલ ખાતે, કાલોલ ખાતે જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું છે અને જિલ્લા સ્તરની જાહેરસભા ગોધરાના મહેંદી બંગલો ખાતે યોજાનાર છે.

ખાસ ૧૬ મીની ગૌરવ યાત્રામાં જનરલ વી.કે.સિંહ રાજ્ય કક્ષાના રોડ એન્ડ ટ્રાન્સપોર્ટેશન અને સિવિલ એવીએશન મંત્રી વિધાનસભાના દંડક દુષ્યંત પટેલ ઉપસ્થિત રહેનાર છે.

સમગ્ર ગૌરવ યાત્રામાં પ્રદેશ માંથી અંદાજે ૭૦ જેટલાં અગ્રણીઓ હાજર રહેનાર છે અને ગોધરા ખાતે સમગ્ર ગૌરવ યાત્રા રાત્રી રોકાણ કરશે. ત્યારબાદ બીજા દિવસે શહેરાના ખાંડીયા તરફ જતા ખાંડીયા ખાતે ગૌરવ યાત્રાનું સ્વાગત થનાર છે. ત્યારબાદ શહેરા ખાતે જાહેર સભાનું આયોજન કરેલ છે. જેમાં કેન્દ્રીય મંત્રી દેવુસિંહ ચૌહાણ તથા પ્રભારી મંત્રી ઉપસ્થિત રહેશે. ત્યારબાદ ગૌરવ યાત્રા મહીસાગર જિલ્લા તરફ પ્રસ્થાન કરશે.

## લીમડી પોલીસ મથક વિસ્તાર માંથી ચોરી થયેલ હાઈવા ડમ્પરને ઈ-ગુજકોપ પોકેટના આધારે સજજનગઢ ખાતેથી પકડી પાડયું

ઝાલોદ,

ઝાલોદના લીમડી ગામેથી ચોરી થયેલ હાઈવા ડમ્પરની ફરિયાદના આધારે લીમડી પોલીસે ઈ-ગુજરાત પોકેટ કોપના આધારે રાજસ્થાનના સજજનગઢ થી આંતરરાજ્ય ચોર ટોળકીને ચોરીના હાઈવા ડમ્પર સાથે ઝડપી પાડી ગુન્હો ડીટેકટ કરવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ઝાલોના લીમડી ગામેથી હાઈવા ડમ્પરની ચોરીની ફરિયાદ નોંધાવેલ હતી. ચોરી થયેલ હાઈવા ડમ્પરને શોધવા માટે ઈ-ગુજકોપ પોકેટ કોપના આધારે તેમજ ખાનગી બાતમીદારોના આધારે તપાસ હાથ ધરવામાં આવી હતી. પોલીસને તપાસ દરમિયાન રાજસ્થાન સજજનગઢ તરફ ગયેલ હોવાની બાતમીના આધારે ચોરી થયેલ હાઈવા ડમ્પર નંબર જીજે.૨૦.એન.૧૪૩૯ સાથે આરોપી રાધેશ્યામ મોહનલાલ જાટ રહે. માલીખેડા ગીલન્ડ, રાજસ્થાનને ઝડપી પાડવામાં આવ્યો. લીમડી પોલીસે ગણતરીના દિવસોમાં ડમ્પર ચોરીનો ગુન્હો ડીટેકટ કર્યો.

## કાલોલના શક્તિપુરા વસાવા નગરીમાં પીવાના પાણીની સમસ્યાને લઈ TDOને રજુઆત

કાલોલ,

કાલોલ તાલુકાના શક્તિપુરા પંચાયત સ્થિત વસાવા નગરીમાં એક મહિનાથી પીવાના પાણીની વિકટ સમસ્યા અંગે કાલોલ તાલુકા વિકાસ અધિકારીને આવેદન આપીને પાણીનો પ્રશ્ન હલ કરવાની રજુઆત કરી હતી. મહિલાઓના જણાવ્યાનુસાર પાછલા એક મહિનાથી તેમના વિસ્તારમાં પાણીનો પુરવઠો પુરો પાડતા પંપની મોટર બળી ગયેલ છે. જે મોટરને રિપેરીંગ કરવા માટે સ્થાનિક સરપંચને રિપેરીંગ કરવા માટે કરાર ન પાડી દીધી છે. તદ્ઉપરાંત તમારે જે કરવુ હોય એ કરી લો, અને તમને બધાને જેલમાં પુરાવી દઈશ એવી ધમકીઓ આપતા હોવાના આક્ષેપો કર્યા હતા. જો કે સમગ્ર ઘટના મામલે શક્તિપુરા પંચાયતના સરપંચે પોતાના બચાવમાં જણાવ્યુ હતુ કે, પાણીની સમસ્યાના નિવારણ માટે ૭/૧૦ના રોજ ગ્રામસભા બોલાવી હતી એ ગ્રામસભામાં પાણીના મુદ્દે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા સરપંચ સાથે મારઝુડ સર્જાઈ હતી. જે ગ્રામસભા મુદ્દે પોલીસ રજુઆત પણ કરી હોવાનુ સરપંચે જણાવ્યુ હતુ. જેથી શક્તિપુરા ગ્રામ પંચાયતની પાણીની સમસ્યા તાલુકાકક્ષાએ પહોંચતા સમસ્યાની સમીક્ષા કરવા માટે તંત્ર દોડતુ થયુ છે.

## વીરપુરમાં શોર્ટ સર્કિટથી કારમાં આગ લાગતાં કાર બળીને ખાખ થઈ



લુણાવાડા,

મહિસાગર જીલ્લાના વિરપુરના રહેણાંક વિસ્તારમાં ઉભેલ કારમાં અચાનક આગ લાગતાં કાર રીપેરીંગ કરતાં કારીગરને હાથના ભાગે દાઝી જતાં ઈજાઓ થઈ સ્થાનિકોએ આગ બુઝાવવા પ્રયત્ન કર્યા ફાયર બ્રિગેડ આવે તે પહેલા કાર બળીને ખાખ થઈ. વિરપુરની બ્રહ્માણી સોસાયટીના કોમ્પ્લેક્સમાં ઉભેલી કારમાં રીપેરીંગ કરી રહ્યા હતા. ત્યારે શોર્ટ સર્કિટ થતા કારમાં અચાનક આગ લાગી હતી. કારમાં આગ લાગતા કાર રીપેરીંગ કરતાં કારીગરને હાથના ભાગે ઈજાઓ થતાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો. કારમાં આગ લાગવાની ઘટનાને લઈ અફરાતફરી મચી જવા પામી હતી. સ્થાનિકો દ્વારા કારામાં લાગેલ આગને બુઝાવવા પ્રયત્નો કરાયા હતા અને ફાયર ફાયટરને ફોન કર્યા હતા અને ફાયર ફાયટર આવે તે પહેલા કાર બળીને ખાખ થઈ ગઈ હતી.

## આપની આજ.......

મેષ : આજનો દિવસ તમારા માટે સારો છે. તમે જે પણ કાર્ય કરશો, તમને સફળતા મળશે. જો તમે કોઈ નવું કામ શરૂ કરવા જઈ રહ્યા છો તો અચાનક તમારી ફંડ સંબંધિત સમસ્યા પણ દૂર થઈ જશે.

વૃષભ : આજે વેપાર અને ધંધામાં જે ઉતાર ચઢાવ આવે છે તે હેન્ડલ કરવો જરૂરી છે. આજે તમને તમારા સાથીદારોથી સાવધાન રહેવાની સલાહ આપવામાં આવી રહી છે, આજે તેઓ તમને નુકસાન પહોંચાડી શકે છે.

મિથુન : આજે પણ ધંધાની કેટલીક મૂંઝવણ તમને પરેશાન કરી શકે છે. જો તમે તમારો રસ્તો સરળ અને સીધો બનાવવા માગતા હોવ તો એવું કરો કે તાત્કાલિક લાભ મળે.

કર્ક : તમારી કાર્ય કરવાની રીત નવી છે. કોઈપણ જટિલ કાર્ય સરળતાથી પૂર્ણ કરવામાં તમને બહુ સમય લાગતો નથી. તમારી આ પદ્ધતિ તમને તમારા કાર્યક્ષેત્રમાં આજે અપાર સફળતા પ્રાપ્ત કરાવી શકે છે.

સિંહ : તમે શેર-બજારના મામલામાં ફસાઈને ઘણા પૈસા બગાડ્યા છો. આવી સ્થિતિમાં, તમારા માટે સારું રહેશે કે તમે જૂની ઘટનાઓથી શીખો. સમજદારીથી રોકાણ કરો. આજે કોઈ નવું કાર્ય ના કરવાનું ધ્યાનમાં રાખો.

કન્યા : આજ સવારથી કંઈક વિચિત્ર વાતાવરણ રહેશે. દૈનિક ઘરના કામો પણ અમૂક અટકળો પછી જ પૂર્ણ થશે. ધંધો કરતા લોકોના જીવનમાં લાંબા સમયથી ચાલી રહેલી સમસ્યા આજે સમાપ્ત થઈ શકે છે.

તુલા : આજે વધારે ખર્ચ થશે. કોઈ કારણસર અથવા બીજા કારણે બિનજરૂરી ખર્ચનો યોગ છે. આજે તમારે વ્યર્થ મુસાફરી પણ કરવી પડી શકે છે. કોઈપણ સ્પર્ધાના બાકી પરિણામો આજે આવે તેવી પણ સંભાવના છે.

વૃશ્ચિક : આજે તમારા ઉપર કોઈ વિશેષ કાર્યનું દબાણ આવી શકે છે. આ માટે તમારે તમારા કામમાંથી થોડો સમય પણ આપવો પડી શકે છે. નિરાશ ના થાઓ, ધૈર્ય રાખો અને તમારી જાત પર વિશ્વાસ કરો પછી તમે જોશો કે કેટલી સરળતાથી જવાબદારી નિભાવો છો.

ધનુ : આજે પૈસા કમાવવાના ઘણા રસ્તા ખુલશે. રોકાણમાં પણ લાભની સંભાવના છે. જમીન-મકાનની ખરીદી કરતા પહેલા એકવાર વરિષ્ઠ લોકોનો અભિપ્રાય લો, નહીં તો તમે મુશ્કેલીમાં મુકાઈ શકો છો.

મકર : લાંબા સમય સુધી સંઘર્ષ કર્યા પછી આજે તમને એકાંતમાં સમય પસાર કરવો ગમશે. તે તમારા માટે પણ યોગ્ય રહેશે. ધ્યાનમાં રાખો કે આ સમય તમારા સ્વાસ્થ્ય પર વધુ ધ્યાન આપવાનો છે.

કુંભ : કોઈપણ ખોટા કાર્યને જોયા પછી અવાજ ઉઠાવવાની તમારી આદત આજે તમને ભારે પડી શકે છે. પરંતુ તમારે નિરાશ થવાની જરૂર નથી. તમે ફક્ત એક જ વસ્તુ ધ્યાનમાં રાખો કે જો તમે સાચા છો અને અધિકાર માટે અવાજ ઉઠાવો છો, તો પછી કોઈને કંઈ પણ કહેવામાં ડરશો નહીં અને પાછળ ના હટશો.

મીન : આજે તમને કોઈ ખૂબ મહત્વનું ઓફિસનું કામ આપવામાં આવશે. તમે આ કાર્ય પૂર્ણ કરી શકશો કે નહીં તે વિચારવાના બદલે કાર્ય પૂર્ણ કરવાનો પ્રયાસ કરો. તમારા બધા કાર્ય દિલથી કરો, પછી જુઓ કે તમે આ મહત્વપૂર્ણ કાર્યને સરળતાથી કેવી રીતે પૂર્ણ કરી શકો.

### જ્ઞાનવાપી કેસ : હિન્દુ પક્ષને ઝટકો

# જ્ઞાનવાપી મસ્જિદમાં મળેલા કથિત શિવલિંગની કાર્બન ડેટિંગની તપાસની માંગ કોર્ટે નકારી દીધી

વારાણસી,

વારાણસીમાં કાશી વિશ્વનાથ મંદિર પાસે આવેલી જ્ઞાનવાપી મસ્જિદમાં મળેલા કથિત શિવલિંગની કાર્બન ડેટિંગની તપાસની માંગ નકારી દેવામાં આવી છે. શુક્રવારે જિલ્લા જજ ડો. અજય કૃષ્ણ વિશ્વેસની અદાલતમાં આ મામલા પર સુનાવણી થઈ હતી. મંગળવારે મુસ્લિમ પક્ષ તરફથી વિરોધ દાખલ કરવા અને તેના પર ચર્ચા બાદ કોર્ટે આદેશ સુરક્ષિત રાખ્યો હતો. શ્રૃગાંરગૌરી સહિત અન્ય વિગ્રહોના પૂજાના અધિકાર વાદ પર સુનાવણી દરમિયાન થયેલા સર્વેમાં જ્ઞાનવાપી મસ્જિદના વઝુખાનામાં શિવલિંગ જેવી આકૃતિ મળી હતી. તેની કાર્બન ડેટિંગ સહિત અન્ય વૈજ્ઞાનિક પદ્ધતિથી તપાસ કરાવવા માટે હિન્દુ પક્ષના પાંચમાંથી ચાર વાદીઓ તરફથી સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ હરિશંકર જૈન તથા વિષ્ણુ શંકર જૈન તરફથી પ્રાર્થના પત્ર આપવામાં આવ્યું હતું.



મુસ્લિમ પક્ષે કાર્બન ડેટિંગ તપાસ પર દાખલ વિવાદ પર મુખ્ય રૂપથી બે બિંદુઓ પર વિરોધ દાખલ કર્યો હતો. પહેલો વિરોધ તેના મૂળવાદને લઈને છે. તેનું કહેવું છે કે આ મામલો મૂળ વાદ સંબંધિત નથી. બીજો જેને શિવલિંગ ગણાવવામાં આવી રહ્યું છે, તે વઝુખાનામાં છે અને તેને સુપ્રીમ કોર્ટના આદેશ પર સીલ કરી દેવામાં આવ્યું છે. હિન્દુ પક્ષના પ્રાર્થના પત્રનો વિરોધ કરતા મુસ્લિમ પક્ષના વકીલે કહ્યું કે કોર્ટ કમીશન કાર્યવાહીમાં મળેલ શિવલિંજ જેવી આકૃતિના સંબંધમાં કોર્ટમાં દાખલ કાર્યવાહી રિપોર્ટના વિરોધમાં પણ અરજી દાખલ છે. જ્યાં સુધી આ કમીશન રિપોર્ટના ગુણદોષના આધાર પર નિરાકરણ ન થઈ જાય ત્યાં સુધી કોઈ વૈજ્ઞાનિક સર્વેક્ષણ ન થઈ શકે.

મુસ્લિમ પક્ષના વાંધાના જવાબમાં વાદી એડવોકેટે કહ્યું હતું કે સુપ્રીમ કોર્ટના રક્ષણનો આદેશ શિવલિંગના આકારના સંદર્ભમાં નહીં પણ વિસ્તારના સંદર્ભમાં છે. કારણ કે એક વિષયની અલગ-અલગ વ્યાખ્યા કરવામાં આવી રહી છે તેથી તે સ્પષ્ટ થવુ જરૂરી છે. તેથી વૈજ્ઞાનિક સર્વેક્ષણ હોવું જરૂરી છે. તેથી વૈજ્ઞાનિક સર્વેક્ષણ કરાવવું એકદમ જરૂરી છે. વાદીના એડવોકેટે કોર્ટને મુસ્લિમ પક્ષના વાંધાને નકારી કાઢવા અને વૈજ્ઞાનિક તપાસનો આદેશ આપવા વિનંતી કરી હતી.મસાજિદ કમિટીએ કહ્યું- કથિત શિવલિંગની વૈજ્ઞાનિક તપાસની જરૂર નથી. હિંદુ પક્ષે તેના કેસમાં જ્ઞાનવાપીમાં પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે દેવી-દેવતાઓની પૂજા કરવાની માંગ કરી છે. તો પછી શિવલિંગની તપાસની માંગ કેમ કરી રહ્યા છે...? હિંદુ પક્ષ જ્ઞાનવાપીમાં કમિશન તરફથી પુરાવા એકત્રિત કરવાની માંગ કરી રહ્યું છે. સિવિલ પ્રોસિજર કોડમાં આવી કોઈ જોગવાઈ નથી.૧૬મે, ૨૦૨૨ના રોજ એડવોકેટ કમિશનરના સર્વે દરમિયાન મળેલા આંકડા અંગે મૂંઝવણ છે. તે અંગેના વાંધાઓનું નિરાકરણ થયું નથી. ૧૭મે, ૨૦૨૨ના રોજ, સુપ્રીમ કોર્ટે આકૃતિ જયાં મળી છે તે સ્થાનને સુરક્ષિત કરવાનું કહ્યું છે. આવી સ્થિતિમાં, ત્યાં ખોદવું અથવા અલગથી કંઈપણ કરવું યોગ્ય રહેશે નહીં.

શ્રૃંગાર ગૌરી કેસની સુનાવણીની છેલ્લી તારીખ ૨૯ સપ્ટેમ્બર હતી. તે દિવસે વદિની સીતા સાહુ, લક્ષ્મી દેવી, રેખા પાઠક અને મંજુ વ્યાસ વતી એડવોકેટ હરિ શંકર જૈન અને વિષ્ણુ શંકર જૈન કોર્ટમાં હાજર થયા હતા. બંને વકીલોએ કહ્યું હતું કે "જ્ઞાનવાપી સંકુલમાં મળેલા શિવલિંગ સાથે કોઈપણ રીતે ચેડાં ન થવા જોઈએ. જો કે, કાર્બન ડેટિંગ કે અન્ય કોઈ વૈજ્ઞાનિક પદ્ધતિથી મળેલા પુરાવાઓને ધ્યાનમાં રાખીને, એએસઆઈ દ્વારા શોધખોળ ખૂબ જ મહત્વપૂર્ણ છે કે જ્ઞાનવાપી મસ્જિદમાં મળેલું શિવલિંગ કેટલું જૂનું છે. શિવલિંગ અને તેની આસપાસના વિસ્તારની પણ તપાસ કરવી જરૂરી છે.

રાખી સિંહના વકીલ માન બહાદુર સિંહે તપાસ પર વાંધો ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું કે, જે શિવલિંગ મળ્યું છે, તેની કાર્બન ડેટિંગથી તે ખંડિત થઈ જશે. આપણા સનાતન હિંદુ ધર્મમાં ખંડિત મૂર્તિની પૂજા કરવામાં આવતી નથી. આથી શિવલિંગની કાર્બન ડેટિંગ ન થવી જોઈએ. તમામ પક્ષકારોને સાંભળ્યા બાદ જિલ્લા ન્યાયાધીશની કોર્ટે આગામી સુનાવણીની તારીખ ૭ ઓક્ટોબર નક્કી કરી હતી. રાખી સિંહે એડવોકેટ જિતેન્દ્ર સિંહ વિસિને ૩ ઓક્ટોબરે કહ્યું હતું- હિંદુ પક્ષની મહિલાઓ અલગ-અલગ કેસ લડે. તેમણે કહ્યું સીતા સાહૂ, મંજુ વ્યાસ, રેખા પાઠક અને લક્ષ્મી દેવી સંખ્યામાં વધુ છે. અમારા પક્ષમાં માત્ર રાખી સિંહ જ છે. આ વાતને ધ્યાનમાં લઈ તમે કોર્ટમાં અરજી કરી તમારો કેસ અલગ કરી શકો.

૧૮ ઓગસ્ટ ૨૦૨૧ના રોજ વૈદિક સનાતન સંઘના પ્રમુખ જિતેન્દ્ર બિસેનના નેતૃત્વમાં દિલ્હીની રાખી સિંહ અને વારાણસીની સીતા સાહુ, મંજુ વ્યાસ, રેખા પાઠક અને લક્ષ્મી દેવીએ સિવિલ જજ સિનિયર ડિવિઝનની કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો. પાંચેય મહિલાઓએ માગ કરી હતી કે, જ્ઞાનવાપી પરિસર સ્થિત મા શ્રૃંગાર ગૌરી મંદિરમાં નિયમીત દર્શન-પૂજનની અનુમતિ મળે. આ સાથે જ્ઞાનવાપી સંકુલમાં આવેલા અન્ય દેવી-દેવતાઓના રક્ષણ માટે સંપૂર્ણ વ્યવસ્થા કરવી જોઈએ. સ્થળની સ્થિતિ જાણવા માટે કમિશનની રચના કરતી વખતે કોર્ટે એડવોકેટ કમિશનરની નિમણૂક કરવા અને ૩ દિવસમાં દલીલ કરવાનો આદેશ આપ્યો હતો.આના વિરોધમાં અંજુમન ઈન્તેજામિયા મસ્જિદ કમિટીએ કહ્યું કે શ્રૃંગાર ગૌરી કેસ સુનાવણીને લાયક નથી. સુપ્રીમ કોર્ટના નિર્દેશો બાદ વારાણસીની જિલ્લા ન્યાયાધીશ કોર્ટે ચુકાદો આપ્યો કે શ્રૃંગાર ગૌરી કેસમાં સુનાવણી યોગ્ય છે.

**દાહોદ આવૃત્તિ**
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

**પંચમહાલ સમાચાર**

### દાહોદમાં ૧૩ માં તબક્કાના જિલ્લા કક્ષાના

# ગરીબ કલ્યાણ મેળામાં ૨૭૬૦ લાભાર્થી નાગરિકોને રૂ.૧૦.૦૩ કરોડથી વધુ રકમના યોજનાકીય લાભો અપાયા

દાહોદ,
દાહોદમાં આજે યોજાયેલા ૧૩ માં તબક્કાના જિલ્લા કક્ષાના ગરીબ કલ્યાણ મેળામાં ૨૭૬૦ લાભાર્થી નાગરિકોને રૂ. ૧૦.૦૩ કરોડથી વધુ રકમના યોજનાકીય લાભો અપાયા છે. ગુજરાત વિધાનસભાના દંડક રમેશભાઈ કટારાની અધ્યક્ષતામાં તેમજ સાંસદ જસવંતસિંહ ભાભોર સહિતના મહાનુભાવોની ઉપસ્થિતીમાં આ કાર્યક્રમ યોજાયો હતો. જેનો લાભાર્થી નાગરિકોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો.

આ વેળા વિધાનસભા દંડક રમેશભાઈ કટારાએ જણાવ્યું કે, આજે ૧૩ માં તબક્કાનો ગરીબ કલ્યાણ મેળો યોજાઈ રહ્યો છે. ત્યારે મોટી સંખ્યામાં ગરીબ નાગરિકો રાજ્ય સરકારની વિવિધ યોજનાઓનો લાભ લઈ જીવન ધોરણ ઊંચું આવી શકે તે માટેનું નક્કર આયોજન કરાયું છે. રાજ્ય સરકાર પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતુત્વમાં ગરીબોના આર્થિક ઉન્નતિ માટે પ્રતિબદ્ધતા સાથે કામગીરી કરી રહ્યું છે.

રાજ્ય સરકાર ગરીબો, વંચિતોના વિકાસ માટે વિવિધ યોજનાકીય લાભો તેમને સીધા જ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

પારદર્શી રીતે મળી રહે તે માટે સમગ્ર રાજ્યમાં ગરીબ કલ્યાણ મેળા યોજી રહી છે. ત્યારે દાહોદ જિલ્લામાં પણ હજારો ગરીબ લાભાર્થીઓને સીધો જ યોજનાઓનો લાભ મળશે. રાજ્ય સરકાર કોરોનાના કપરા સમયમાં પણ ગરીબોના પડખે રહી છે અને કોઈ પણ દરિદ્રનારાયણ ભૂખે ન સુવે તે માટેની કાળજી રાખી છે. દરેક નાગરિકને નિઃશુલ્ક વેક્સીન આપીને તેમને સુરક્ષિત કર્યા છે.

આ પ્રસંગે સાંસદ જસવંતસિંહ ભાભોરે જણાવ્યું કે, ગરીબ કલ્યાણ મેળા ગરીબોની જિંદગીમાં મોટી રાહત બન્યા છે. અત્યાર સુધીમાં રાજ્યમાં યોજાયેલા ૧૨ ગરીબ કલ્યાણ મેળાઓમાં ૧.૬૫ કરોડ લાભાર્થીઓને રૂ. ૩૪ હજાર કરોડથી વધુની સહાય અપાઈ છે. જયારે આજે ૧૩ માં તબક્કાના ગરીબ કલ્યાણ મેળાનો લાભ મોટી સંખ્યામાં ગરીબ લાભાર્થીઓને મળવાનો છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના યશસ્વી નેતૃત્વમાં દેશ વિકાસની નવી ક્ષિતિજો સર કરી રહ્યો છે ત્યારે દરેક છેવાડાના ગરીબ માણસનું પણ કલ્યાણ અને હિત જાળવવા સરકાર કામ કરી રહી છે. રાજ્ય સરકાર પણ પ્રધાનમંત્રીના માર્ગદર્શનમાં ગરીબ લોકો સુધી વિકાસના ફળ પહોંચતા કરવામાં સફળ થઇ છે.

આ વેળા મહાનુભાવોએ મંચ ઉપરથી વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સાધન સહાય તેમજ લાભોનું વિતરણ કર્યું હતું.

કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીએ સ્વાગત પ્રવચનમાં આજના જિલ્લા કક્ષાના ગરીબ કલ્યાણ મેળામાં કુલ ૨૭૬૦ લાભાર્થીઓને રૂ. ૧૦.૦૩ કરોડથી વધુ રકમની સહાયના યોજનાકીય લાભો સીધા લાભાર્થી નાગરિકને આપવામાં અંગેની માહિતી આપી હતી.

આ પ્રસંગે મહાનુભાવોને હસ્તે પંચાયતી રાજની આગેકૂચ પુસ્તિકાનું વિમોચન કરાયું હતું. પંચમહાલ ખાતે મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં યોજાયેલા રાજ્યકક્ષાના ગરીબ કલ્યાણ મેળાનું જીવંત પ્રસારણ અહીંના કાર્યક્રમમાં દર્શાવવામાં આવ્યું હતું. જેને ઉપસ્થિતોએ રસપૂર્વક નિહાળ્યું હતું.

આ વેળા જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલા, પૂર્વમંત્રી અને ધારાસભ્ય બચુભાઈ ખાબડ, ધારાસભ્ય શૈલેષભાઈ ભાભોર, જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારી, પૂર્વ ધારાસભ્ય મહેશ ભૂરિયા, અગ્રણી સુધીરભાઈ લાલપુરવાલા, વિનોદભાઈ રાજગોર સહિતના પદાધિકારીઓ, અધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતા.

# દાહોદ જીલ્લાના નવિન બીજેપી કાર્યક્રમને સી.આર. પાટીલના હસ્તે ઉદ્દઘાટન કરી ખુલ્લુ મુકાયું

દાહોદ,
દાહોદ જિલ્લા ભાજપનું હાર્દસમુ સપનું નવીન કમલમ કાર્યાલયનું નિર્માણ થતાં આ કાર્યાલયના ઉદ્દઘાટન માટે ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે દાહોદ શહેરમાં આગમન કર્યું હતું અને નવીન કાર્યાલયનું સી.આર. પાટીલના હસ્તે ઉદ્દઘાટન કરી ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. ત્યાર બાદ દાહોદના નવજીવન આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ગ્રાઉન્ડ ખાતે વિશાળ જનમેદનીને સંબોધી હતી. જેમાં સી.આર. પાટીલે કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યાં હતા. ત્યારે આ વિશાળ સભામાં ભાજપના કાર્યકરો મોટી સંખ્યામાં કેસરીયા પહેરવેશમાં હાજર રહ્યાં હતાં.

સૌ પ્રથમ દાહોદ જિલ્લા ભાજપ પ્રમુખ શંકર આમલીયારએ પોતાને છેલ્લા ત્રણ વર્ષમાં મળેલી ભેટ તમામ કાર્યાલય નિધિ માટે અર્પણ કરી જ્યારે પ્રદેશ પ્રમુખ સી.આર પાટીલને દાહોદ જિલ્લા માંથી મળેલ ભેટ તેમને દાહોદના કાર્યાલય નિધિ માટે અર્પણ કરી હતી અને તદ્દઉપરાંત ભાજપના બે લાખ સભ્યો જિલ્લાના લોકો વેપારીઓ સંગઠનના હોદ્દેદારોના સહયોગ થી આ ભવ્ય કાર્યાલયનું નિર્માણ માત્ર નવ મહિનાના ટૂંકા સમગાળામાં થયું છે. જેનું ઉદ્દઘાટન આજરોજ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલના હસ્તે કરવામાં આવ્યું હતું. પ્રથમ સી.આર. પાટીલ ભાજપના નવીન કાર્યાલય પર પહોંચી ઉદ્દઘાટન કર્યું હતું. ત્યાર બાદ સી.આર.પાટીલ અને દાહોદ જિલ્લાના ભારતીય જનતા



પાર્ટીના આગેવાનો અને કાર્યકર્તાઓ સભા સ્થળે દાહોદ નવજીવન આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે પહોંચ્યાં હતા. જયાં સી.આર. પાટીલે વિશાળ જનમેદનીને સંબોધન કર્યું હતું અને તેઓએ કોંગ્રેસ પર આકરા પ્રહારો કરી કહ્યું હતું કે, કોંગ્રેસ હાલ ઘરે ઘરે જઈ કોંગ્રેસનું કામ બોલે છે. તે વિશે ભાષણ અને જાહેરાત કરી રહ્યું છે, પરંતુ કોંગ્રેસનું કામ નહીં પણ કોંગ્રેસના કારનામા બોલે છે. ૨૭ વર્ષથી ભાજની સરકારે વિકાસ કર્યો છે. નવ મહિના અને નવ દિવસમાં દાહોદમાં ભાજપાએ નવીન કાર્યાલયનું કામ પુર્ણ કર્યું છે. ભાજપના જિલ્લા પ્રમુખ સહિત તમામને સી.આર. પાટીલે અભિનંદ પાઠવ્યાં હતાં. કાર્યકર્તાઓના સહયોગથી આવું અદ્યતન કાર્યાલય નિર્માણ પામ્યું છે. પ્રધાનમંત્રી મોદીએ કોરોના કાળમાં ગરીબોને મફ્ત અનાજ પુરૂં પાડ્યું છે અને હાલમાં આ યોજના ચાલુ છે. પુરા દેશમાં મફ્તમાં કોરોના રસી મુકાવી લોકોના જીવ બચાવ્યાં છે. દાહોદ લોકસભા વિસ્તારની સાતે સાત મત વિસ્તારની સીટ જીતાડવા સાંસદ જશવંતસિંહ ભાભોરને જવાબદારી સોંપી હતી. દરેક સીટ ઓછામાં ઓછા ૫૦ હજાર મતથી જીતાડવા સી.આર. પાટીલે હુંકાર કર્યો હતો. જશવંતસિંહ ભાભોરે કાર્યકર્તાઓને કામે લાગવાની અપીલ કરી હતી ત્યારે દાહોદ જિલ્લા ભાજપના પ્રમુખ શંકરભાઈ અમલીયારે જણાવ્યું હતું કે, આપણી મહેનતથી ૦૬ સીટો જીતવાની પર કબજે કરવાનો વિશ્વાસ અપાવ્યો હતો.

આખા કાર્યક્રમમાં વિશાળ જનમેદનીથી ભાજપના કાર્યકર્તાઓ સહિત જાહેર જનતા સભામાં જોડાઈ હતી. ભાજપના આગેવાનોથી લઈ કાર્યકર્તાઓ તમામે કેસરીયા ખેસ અને ટોપીમાં આવતાં ચારે કોર કેસરીયા રંગ જામ્યો હતો. કાર્યકર્તાઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.

## ઝાલોદ તાલુકા પંચાયતના ઉપપ્રમુખ અનિતાબેન મછાર દ્વારા સ્વામિનારાયણ મંદિરે રસ્તાનું ખાત મુહૂર્ત કરવામાં આવ્યું


તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,
ઝાલોદ મુવાડા ચોકડી આગળ સ્વામિનારાયણ મંદિર આવેલ છે. ત્યાંના સંતો દ્વારા તાલુકા પંચાયત ઉપપ્રમુખ અનિતાબેનને માંગણી કરતા તાલુકા પંચાયતની ગ્રાંટ માંથી મંદિર પ્રટાંગણનો રોડ મંજુર કરવામાં આવ્યો હતો. ઉપસ્થિત સ્વામિનારાયણ સંતો દ્વારા તેમને આશીર્વાદ પણ આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે ભાજપ અગ્રણી હરેશભાઈ ડીંડોર, અનુપભાઈ પટેલ મહામંત્રી ભાજપ ઝાલોદ શહેર, જગુભાઈ ગુજ્જર માલધારી સેલ દાહોદ જિલ્લા, જેસીંગભાઈ વસૈયા ડિરેક્ટર એ.ટી.એમ.સી ઝાલોદ, અજયભાઈ ભગત તથા મંદિરના ભક્તો હાજર રહ્યા હતા.

# દે.બારીયા વિધાનસભા મત વિસ્તારમાં કોંગ્રેસ પક્ષમાં ગોપસિંહ લવાર જોડાઈ જતા કોંગ્રેસ ગેલમાં : ભાજપાની ચૂંટણી જીતની ગૂઢ વ્યૂહ ચર્ચાઓ ધાનપુર મહેલમાં

દાહોદ,
વિધાનસભાની ચૂંટણીઓના પડઘમ વાગી રહ્યા છે. ત્યારે ૧૩૪ વિધાનસભા દેવગઢ બારીયા ખાતે ભાજપા, કોંગ્રેસ અને આમ આદમી એમ ત્રણ પાર્ટીઓના ચૂંટણી લડવા મથામણ કરતા ઉમેદવાર પોતાના કાર્યકરોને પણ હવે સાચવી શકતા નથી. દેવગઢ બારીયા વિધાનસભામાં ધાનપુર તાલુકાના ૯૦ બુથ અને દેવગઢ બારીયા તાલુકાના ૧૯૦ જેટલા બુથના ગામડાઓનો સમાવેશ કરવામાં આવેલ છે. થોડા મહિના અગાઉ વિધાનસભાની ચૂંટણીઓ નજીકના દિવસોમાં આવનાર છે. તેવું જાહેર થતા ભાજપા, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીમાં ધરખમ ફેરફારો થઈ રહ્યા છે. ભાજપા પાર્ટીમાં રાજકીય બહોળો અનુભવ ધરાવતા નેતાઓ અને કાર્યકરો હોય ચૂંટણીનો ગૂઢ વ્યૂહ ધાનપુરમાં બનાવી રહ્યા હોવાની વિગતો જાણવા મળી છે.

દેવગઢ બારીયા તાલુકા પંચાયતની ચૂંટણીઓમાં કોંગ્રેસ પક્ષને એકપણ સીટ નહીં મળી જે પછી કોંગ્રેસમાં ભંગાણ થયું અને પીઢ કાર્યકરો ભાજપામાં જોડાઈ ગયા. જે પછી ગ્રામ પંચાયતની ચૂંટણીઓ યોજાઈ. જેમાં પણ મોટાભાગના ભાજપી સરપંચ સતા ઉપર બેઠા, હવે વાત રહી વિધાનસભા ચૂંટણી, હજુ તો ચૂંટણીની કોઇ તારીખો જાહેર થઈ નથી. તેની પહેલા કેટલીક રાજકીય પાર્ટીઓ પોતાના ઉમેદવાર પણ જાહેર કરી ચુકી છે. કોંગ્રેસમાં અગાઉ વિધાનસભામાં ચૂંટણી લડી ચૂકેલા પાર્ટી છોડેને આમ આદમી પાર્ટીમાં જોડાતા ભારત વાખળાને ઉમેદવાર તરીકે જાહેર કરાયા છે. જયારે તાજેતરમાં ધાનપુર તાલુકાના ભોરવા ગામના ભાજપાના મોભી કાર્યક્રર ગોપસિંહ લવાર એકલા ઓચિંતા પક્ષ છોડેને કોંગ્રેસનો ખેસ પહેરી લીધો હતો. જેને કોંગ્રેસનો સાથ લેતા સોસીયલ મીડિયામાં આખો દિવસ અને રાત સુધી અનેક અટકળોનો વહેણ ચાલુ રહ્યો હતો. એવી પણ ચર્ચા થઈ રહી છે કે, ગોપી લવારને દેવગઢ બારીયા વિધાનસભા કોંગ્રેસના ઉમેદવાર પણ જાહેર થઈ શકે છે. જેના કારણે દેવગઢ બારીયા તાલુકા કોંગ્રેસ પક્ષના જુના મોભી કાર્યકરો સહીત હોદ્દેદારોના મનમાં મન દુઃખ જોવાઈ રહ્યું છે અને ખાનગી સૂત્રોના જણાવ્યા મુજબ કદાચ ટિકિટના દાવેદાર ૧૦ ઉમેદવાર અને જિલ્લા પંચાયત લડી ચૂકેલા ૬ તથા તાલુકા પંચાયત લડી ચૂકેલા ૨૩ જેટલાં ઉમેદવાર સામુહિક રાજીનામું ધરી દે તેવી પણ પોસ્ટ સોસીયલ મીડિયામાં વાઈરલ થઈ ચુકી છે. પણ હવે આ કાર્યકર્તાઓ કઈ પાર્ટીમાં જોડાશે તેનું હાલમાં કઈ કહી ના શકાય.

દેવગઢ બારીયા વિધાનસભાની ચૂંટણીમાં ભાજપા માંથી બચુભાઈ ખાબડનું નામ હાલમાં મોખરે ચાલી રહ્યું છે. જેઓ પણ ધાનપુર તાલુકાના વતની છે અને પોતાના મત વિસ્તારમાં પ્રજાની પડખે રહ્યા છે. ભાજપા યુવા ટીમ ગામડાના છેવાડે પહોંચી કામગીરી કરી રહી છે. જયારે આમ આદમી પાર્ટીમાં ભારત વાખળા જે પણ ધાનપુર તાલુકા લખણા ગોઝિયા ગામના વતની છે. જયારે હમણાં કોંગ્રેસમાં જોડાયેલા ગોપસિંહ લવાર તે પણ ધાનપુર તાલુકાના ભોરવા ગામના વતની છે. માટે એકજ વિધાનસભાની ચૂંટણીમાં એક તાલુકાના ત્રણ ઉમેદવાર થતા હોય કોંગ્રેસ પક્ષમાં દેવગઢ બારીયા તાલુકામાં કોંગ્રેસ પ્રમુખ દિપક ગોસ્વામી અથવા પીપલોદ સરપંચ બાબુ કાકા નહીં તો કોઇપણ કાર્યકર્તાને ટિકિટ મળવું જોઈએ, તેમ મતદારો માની રહ્યા છે.

# સંજેલી તાલુકાની અણીકા મુખ્ય પ્રાથમિક શાળાના બાળકો ખુલ્લા પતરાના સેડ નીચે બેસી અભ્યાસ મેળવવા મજબૂર બન્યા



> સંજેલી તાલુકાના અણીકા મુખ્ય પ્રાથમિક શાળા ખાતે જર્જરિત ઓરડા તોડી પાડ્યા બાદ તેનુ બાંધકામ શરૂ ન કરાતા હાલ બાળકો ખુલ્લામાં બેસી અભ્યાસ કરી રહ્યા છે. હાલ ચોમાસાની સાથે સાથે પરીક્ષા ચાલી રહી છે, છતાં પણ બાળકો ખુલ્લામાં બેસી અને પરીક્ષા આપી રહ્યાં છે. વહેલી તકે નવા ઓરડા બનાવવામાં આવે તેવી માંગ છે.
> **અણીકા ગામના જાગૃત નાગરિક, કાળુભાઈ રાવત**

સંજેલી,
સંજેલી તાલુકાના અણીકા મુખ્ય પ્રાથમિક શાળા ખાતે ખૂલ્લા પતરાના શેડ નીચે ધોરણ ૩ થી ૪ ના અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અભ્યાસ મેળવવા મજબૂર બન્યા. વહેલી તકે ઓરડા બનાવવામાં આવે તેવી વિદ્યાર્થીઓના વાલીઓની માંગ ઉઠવા પામી છે.

રમશે ગુજરાત જીતશે ગુજરાતના સુત્રો ગજવી સરકાર કરોડો રૂપિયાનો ખર્ચો કરી રહી છે, પરંતુ શાળાના જર્જરીત ઓરડા તોડી પાડવાની મંજુરી બાદ બાંધકામની મંજુરી ન મળતા કેટલીક શાળાઓમાં વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોને ભારે હાલાકી વેઠવી પડી રહી છે. જાણે જર્જરિત ઓરડાઓને તોડી પાડવાની તેમજ બાંધકામ મંજુરી માટેની ફાઈલો અભરાઈએ ચડી હોય બાંધકામની મંજુરી ન મળતા સંજેલી તાલુકાના અણીકા મુખ્ય પ્રાથમિક શાળા ખાતે ધોરણ ૧ થી ૮ના ૨૫૧ વિદ્યાર્થીઓ શાળામાં અભ્યાસ કરે છે. શાળામાં જુના ઓરડા જર્જરિત થતાં વહીવટીતંત્ર દ્વારા ઓરડા તોડી પાડવાની મંજુરી આપવામાં આવી હતી. જે ઓરડા તોડી પાડવામાં આવ્યાં હતાં. તોડી પાડવાની મંજૂરી મળ્યા બાદ બાંધકામની મંજુરી ન મળતા છેલ્લા ત્રણ માસથી શાળામાં અભ્યાસ કરતા ધોરણ ૩ અને ૪ ના વિદ્યાર્થીઓ ખુલ્લા પતરાના સેડ નીચે બેસી અભ્યાસ કરવા મજબૂર બન્યા છે. ચોમાસાની સિઝન ચાલી રહી છે અને સાથે સાથે પરીક્ષાઓ પણ શરૂ થઈ ગઈ છે. દિવાળી વેકેશન બાદ શિયાળુ સત્ર પણ શરૂ થવાનું છે. શિયાળાની ઠંડકમાં બાળકોને ખુલ્લામાં બેસી અને અભ્યાસ ના કરવો પડે તેથી વહેલી તકે તંત્ર દ્વારા નવા ઓરડા મંજુર કરી અને બાંધકામ શરૂ કરવામાં આવે તેવી વિદ્યાર્થીઓના વાલીઓમાં માંગ ઉઠવા પામી છે.

## દાહોદના ગોધરા રોડ સ્થિત હિંદુ સનાતની દેવાલય પર મહિલાઓ દ્વારા કરવા ચોથનું વ્રતના વિધિ વિધાનથી પૂજા-અર્ચનાનું કાર્યક્રમ રાખવામાં આવ્યું


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
હિન્દુ સંસ્કૃતિ મુજબ વિવાહિત મહિલાઓ પોતાના પતિના લાંબા આયુષ્ય અને સુખી દાંપત્ય જીવન માટે કરવા ચોથનો વ્રત રાખે છે. દર વર્ષે આ વ્રત કારતક માસના કૃષ્ણ પક્ષની ચતુર્થી તિથિ પર આવે છે. જેમાં વિવાહિત મહિલાઓ માટે કરવા ચોથનો વ્રત ખૂબ જ શુભ માનવામાં આવે છે. સાથે સાથે અવિવાહિત છોકરીઓ સારા વર માટે પણ વ્રત રાખે છે. કરવા ચોથના ઉપવાસમાં મહિલાઓ દિવસભર ખાધા પીધા પીધા વગર નિર્જલા ઉપવાસ રાખે છે અને રાત્રે ચંદ્રોદય પછી પૂજા કરીને ઉપવાસ છોડે છે. કરવા ચોથ ઉત્તર ભારતમાં સૌથી વધુ ઉજવવામાં આવે છે. હિન્દુ કેલેન્ડર મુજબ કારતક મહિનાના કૃષ્ણ પક્ષની ચતુર્થી તિથિના રોજ કરવા ચોથનું આ વ્રત ઉજવવામાં આવે છે.

ત્યારે દાહોદ જિલ્લામાં પણ ઉત્તર ભારતીય તેમજ સ્થાનિક વિવાહિક મહિલાઓ દ્વારા કરવા ચોથની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત દાહોદ શહેરના ગોધરા રોડ કાળકા માતા મંદિર સ્થિત હિન્દુ સનાતની દેવાલય ખાતે વિવાહિત મહિલાઓ દ્વારા શાસ્ત્રોક્ત વિધિ વિધાન અનુસાર પૂજા-અર્ચના કરવામાં આવી હતી અને રાત્રે ચાંદને નિહાળ્યા બાદ અર્ક દેવામાં આવ્યો હતો અને ત્યારબાદ પહેલા પાણી અને પછી મીઠી વસ્તુ ખાઈ ઉપવાસ છોડ્યો હતો.


## ઝાલોદના હુઠી કંકાસીયા ચેકપોસ્ટ પાસેથી કારમાં લઈ જવાતો ૪૦ હજારનો ઈંગ્લીશ દારૂ ઝડપ્યો

દાહોદ,
દાહોદ જીલ્લાના ઝાલોદની હુઠી કંકાસિયા ચેકપોસ્ટ પાસેથી મારૂતિ સુઝુકી કંપની ઝેન એસ્ટીનો ફોર વ્હીલર ગાડી માંથી ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂનો કુલ મળીને રૂપિયા ૨,૪૦,૩૭૦/- નો મુદ્દામાલ પોલીસે ઝડપી લીધો હતો.

આમ, ગુજરાતમાં દારૂબંધીના દાવા કરતી સરકાર દ્વારા ગાંધીના ગુજરાતમાં દારૂની રેલમછેલ જોવા મળી ત્યારે ઝાલોદની હુઠી કંકાસિયા ચેકપોસ્ટ પાસે થી દારૂ ભરેલી મારૂતિ સુઝુકી કંપની ઝેન એસ્ટીનો ફોર વ્હીલર ગાડી પોલીસે ઝડપી પાડી તેમાં તલાશી લેતા ભારતીય બનાવટ ઈંગ્લિશ દારૂની કુલ છુટી બોટલો નંગઃ-૨૫૨/- મળી આવે જેની કિંમત રૂપિયા ૪૦,૩૭૦/- નો પ્રોહિબિશનનો ગેરકાયદેસર દારૂ મળી આવ્યો અને મારૂતિ સુઝુકી કંપની ઝેન એસ્ટીન ફોર વ્હીલર ગાડી કિંમત રૂપિયા ૨,૦૦,૦૦૦/- સહિતનો કુલ મુદ્દામાલ ૨,૪૦,૩૭૦/- નો મુદ્દામાલ મળી આવ્યો. જેમાં ઝેન એસ્ટીનો ફોર વ્હીલર ગાડીનો ચાલક અક્ષયભાઈ છત્રસિંહ જાતે બારિયાને ઝડપી પાડ્યો હતો. જેનાં વિરૂદ્ધ પોલીસે પ્રોહિબિશનનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથધરી હતી.

ઝાલોદ તાલુકાને અડીને આવેલા બે રાજ્યો જેવા રાજસ્થાન અને મદયપ્રદેશના રાજ્યો માંથી ગુજરાતમાં ગેરકાયદેસર રીતે ઈંગ્લીશ દારૂનો જથ્થો ઘુસાડવામાં આવી રહ્યો છે. ત્યારે હાલમાં દિવાળીના તહેવારો અને આગામી આવનારી વિધાનસભાની ચૂંટણીને દ્યાનમાં રાખી અન્ય રાજ્યો માંથી ગુજરાતની બોર્ડરોમાં ગેરકાયદેસર રીતે નશીલા પદાર્થો અને ગેરકાયદેસર હથિયારો તેમજ અનેક ગુનાહિત પ્રવુતિઓ થતી અટકાવવા માટે ગુજરાત પોલીસ દ્વારા ઝાલોદ તાલુકાના તમામ નાનાં મોટાં માર્ગો ઉપર સીસીટીવી કેમેરા મુકવામાં આવે તેવી લોક માંગ ઉઠવા પામી છે. જેથી આ સીસીટીવી કેમેરા લગાવવામાં આવે તો પોલીસ તંત્રને ગુનાહો ડિટેક્ટ કરવામાં સારી એવી સફળતા મળી શકે તેમ છે. આમ, આખા દાહોદ જિલ્લામાં ચર્ચાનો વિષય બનવા પામ્યો હતો.

## ગરબાડાના દેવધા ગામે કોતર માંથી યુવક-યુવતિના મૃતદેહ મળતા ચકચાર



દાહોદ,
દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના દેવધા ગામે એક કોતરમાંથી યુવક અને યુવતીની લાશ મળી આવતાં પંથકમાં ચકચાર મચી જવા પામી છે. ત્યારે યુવકની લાશે નીચે કોતરમાંથી મળી આવી અને યુવતીની લાશ ઝાડ પર ગળફાસો ખાઈ હાલતમાં મળી આવી છે. બંન્નેની લાશ મળી આવતાં પંથકમાં અનેક ચર્ચાઓ ભારે જોર પકડ્યું છે. ત્યારે બીજી તરફ આત્મહત્યા કે પછી હત્યા ? જેવા અનેક સવાલો સાથે પોલીસે તપાસનો ધમધમાટ આરંભ કર્યો છે.

ગરબાડા તાલુકાના દેવધા ગામના મંદિર ફળિયામાં તથા ડામોર ફળિયામાં રહેતાં યુવક-યુવતીની લાશ દેવધા ગામના સ્મશાનના કોતરમાંથી મળી આવતાં ખળભળાટ મચી જવા પામ્યો છે. ઘટનાને પગલે સ્થળ પર લોકટોળા ઉમટી પડ્યાં હતાં. બંન્નેના પરિવારજનોમાં પણ ઘટના સ્થળે દોડી ગયાં હતાં અને પરિવારજનોમાં ગમગીનીનો માહોલ સર્જાઈ જવા પામ્યો હતો. ત્યારે બીજી તરફ યુવતીની લાશ ઝાડ પર લટકતી જોવા મળી હતી અને યુવકની લાશ જમીન પર પડેલી જેવા મળી હતી. ઘટનાને પગલે સ્થળ પર દોડી આવેલ પોલીસે બંન્નેના મૃતદેહોને કબજે લઈ નજીકના દવાખાને પીએમ અર્થે મોકલી આપ્યાં હતાં. હાલ સુધી આ બંન્ને યુવક-યુવતીઓના મોતનું સાચું કારણ બહાર આવ્યું નથી. ત્યારે યુવક યુવતી પ્રેમ સંબંધે આત્મહત્યા કરી હશે પછી કોઈકે બંન્નેને મોતને ઘાટ ઉતારી દીધાં હશે ? જેવા અનેક સવાલો ગ્રામજનોમાં પણ ઉદ્દ્ભવવા પામ્યાં છે. પોલીસે તમામ પાસાઓમાં તપાસનો ધમધમાટ આરંભ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદ જીલ્લા લેન્ડ રેકર્ડઝના કર્મચારીઓની માંગણીનું નિરાકરણ આવતાં હડતાલ સમેટાઈ



દાહોદ,
દાહોદના જિલ્લા સેવા સદન ખાતે પડતર માંગોને લઈને હડતાળ પર બેઠેલા લેન્ડ રેકર્ડઝના કર્મચારીઓએ પોતાની માંગણીઓનું નિરાણકર આવતાં ૧૦ માં દિવસે હડતાળ સમેટી લીધી હતી.

પડતર માંગણીઓને લઈને ચાલેલી લેન્ડ રેકર્ડઝ વર્ગ-૩ ના કર્મચારીઓની હડતાલ સમેટાય છે. જેમાં જાણવા મળ્યા અનુસાર કર્મચારીઓનું નિરાકરણ આવ્યું છે અને ગુજરાત મહામંડળ ના આદેશથી પડતર માંગોને લઈને હડતાળ પર ઉતરેલા વર્ગ-૩ના કર્મચારીઓએ આજે આદેશ અનુસાર હડતાળને સમેટી હતી. તેમજ જણાવાયું હતું કે, હડતાળ પર બેઠેલા કર્મચારીઓનું નિરાકરણ થયેલ છે અને સરકાર દ્વારા રિસ્પોન્સ આપવામાં આવ્યું છે અને તેને લઈને વર્ગ-૩ના લેન્ડ રેકર્ડઝમાં ફરજ બજાવતા સીટી સર્વેના કર્મચારીઓએ ૧૦ દિવસની હડતાલ બાદ આજે ૧૦ માં દિવસે મહામંડળના આદેશ અનુસાર ફરજ ઉપર હાજર થયા છે અને અરજદારોના કામોને ફરીથી હાથ પર લઈને શરૂ કરાયા છે અને લેન્ડ રેકર્ડઝના કર્મચારીઓએ હડતાળ સમેટી અને ફરજ પર પૂનઃ હાજર થયા છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.48

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# ગરીબ કલ્યાણ મેળાના ૧૩મી કડીનો ગોધરાથી રાજયવ્યાપી પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ







- ૧૨ તબક્કામાં ૧૫૬૭ ગરીબ કલ્યાણ મેળાઓના માધ્યમથી ૧.૬૫ કરોડ દરિદ્રનારાયણોને ૩૪,૫૯૬ હજાર કરોડના લાભ-સહાય હાથોહાથ પહોંચાડ્યા છે.
- રાજયના ગરીબો અને વંચિતોને સરકારી યોજનાનો લાભ હાથોહાથ આપી તેમને આત્મનિર્ભર બનાવવા માટે સરકારે હાથ પકડ્યો છે.
- ગરીબ કલ્યાણ મેળાના માધ્યમથી કોઈ પણ વચેટિયાઓ વિના સરકારી યોજનાઓના લાભો અને સહાય સીધેસીધા ગરીબોને આપવામાં આવી રહ્યા છે.
- વડાપ્રધાનના આ સંકલ્પને સાકાર કરવા રાજ્ય સરકારે સમાજના છેવાડના માનવીને મુખ્યધારામાં લાવવા માટેના તમામ પ્રયાસો હાથ ધર્યા છે.
- પંચમહાલ જિલ્લામાં ૩૫,૫૮૩ ઉપરાંત લાભાર્થીઓને ૨૮૧ કરોડની વિવિધ સહાયનું વિતરણ.
- મુખ્યમંત્રીએ પંચાયત વિભાગની વિવિધ ૨૨ જેટલી યોજનાઓને સમાવી લેતી આગેકૂચ કોફી ટેબલ બુકનું કર્યું વિમોચન.

ગોધરા,

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગરીબ કલ્યાણ મેળાની ૧૩મી કડીનો આદિજાતિ જિલ્લા ગોધરાથી રાજયવ્યાપી પ્રારંભ કરાવ્યો હતો. તેની સાથે વિવિધ જિલ્લાઓમાંથી પણ મંત્રીમંડળના સભ્યો અને મહાનુભાવો પણ જોડાયા હતા. મુખ્યમંત્રીએ ભાવવહી સ્વરે જણાવ્યું કે, રાજ્યના ગરીબો અને વંચિતોને સરકારી યોજનાનો લાભ હાથોહાથ આપી તેમને આત્મનિર્ભર બનાવવા માટે સરકારે હાથ પકડ્યો છે. ગરીબો અને વંચિતોના ઉત્કર્ષ માટેના શ્રેષ્ઠ કાર્યો ગુજરાતમાં થયા છે.

રાજ્ય સરકારના કાર્યમંત્ર હર હાથ કો કામ, હર કામ કા સન્માનનો ઉલ્લેખ કરતા પટેલે જણાવ્યું કે, ગરીબ કલ્યાણ મેળાના માધ્યમથી કોઈ પણ વચેટિયાઓ વિના સરકારી યોજનાઓના લાભો અને સહાય સીધેસીધા ગરીબોને હાથોહાથ આપવામાં આવી રહ્યા છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, રાજયમાં અત્યાર સુધીમાં ૧૨ તબક્કામાં ૧૫૬૭ ગરીબ કલ્યાણ મેળાઓના માધ્યમથી ૧.૬૫ કરોડ દરિદ્રનારાયણોને ૩૪,૫૯૬ હજાર કરોડના લાભ-સહાય હાથોહાથ પહોચાડવામાં આવ્યા છે.

પંચમહાલ જિલ્લામાં ૩૫,૫૮૩ ઉપરાંત લાભાર્થીઓને ૨૮૧ કરોડની વિવિધ સહાયનું મુખ્યમંત્રી તથા મહાનુભાવોના હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીએ પંચાયત વિભાગની વિવિધ ૨૨ જેટલી યોજનાઓને સમાવી લેતી આગેકૂચ કોફી ટેબલ બુકનું વિમોચન પણ કર્યું હતું.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ જ્યારે દેશની ધૂરા સંભાળી ત્યારે પોતાના પ્રથમ પ્રવચનમાં કહ્યું હતું કે, મારી સરકાર, ગરીબો, વંચિતો, પીડિતો અને અંત્યોદયના ઉત્થાન માટે સતત સમર્પિત રહેશે. વડાપ્રધાનના આ સંકલ્પને સાકાર કરવા રાજ્ય સરકારે સમાજના છેવાડના માનવીને મુખ્યધારામાં લાવવા માટેના તમામ પ્રયાસો હાથ ધર્યા છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન શરૂ કરેલી વિકાસની રાજનીતિના બે દાયકાના ફળ આપણે સૌ ચાખી રહ્યા છીએ. તેમણે ગુજરાતમાંથી ગરીબી દૂર કરવા સાથે રોજગારી આપવા અને ઉદ્યોગોના વિકાસ સાથે લોકોને ધંધારોજગાર આપવા માટેનો સેવાયજ્ઞ શરૂ કર્યો છે. દરેક ક્ષેત્રમાં વિકાસ કરીને વંચિતોને યોજનાકીય લાભો આપવાનું તેમણે શરૂ કર્યું છે. જેના ફળ આપણને આજે મળી રહ્યા છે.

વડાપ્રધાનના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન તેમણે ગુજરાતમાં સુવ્યવસ્થિત માર્ગો, પીવાનું શુદ્ધ પાણી, ઘરઘર ૨૪ કલાક વીજળી, ગુણવત્તાયુક્ત શિક્ષણ, આરોગ્ય અને ઉદ્યોગ ક્ષેત્રના વિકાસનો મજબૂત પાયો નાખ્યો હતો, તેમ કહેતા પટેલે ઉમેર્યું કે, આ પાયા ઉપર અમારી સરકાર વધુ તેજ ગતિથી આગળ ધપી રહી છે.

ગુજરાતમાં મહત્તમ ઔદ્યોગિક મૂડી રોકાણ આવે તે માટે નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલી વાયબ્રન્ટ ગુજરાતની શ્રૃંખલાના પરિણામે આજે ગુજરાતમાં મોટા ઉદ્યોગસમૂહો કાર્યરત થયા છે અને તેના કારણે મૂડી રોકાણ વધવાની સાથે લોકોને રોજગારી પ્રાપ્ત થઈ રહી છે. ગુજરાત વિદેશી રોકાણકારો માટે બેસ્ટ ડેસ્ટીનેશન બન્યું છે. દાયકાઓથી ગુજરાત સમગ્ર દેશમાં રોજગારી આપવામાં અગ્રેસર છે. એમ પણ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું.

પહેલા માત્ર એક પોકેટમાં જ ઉદ્યોગોનો વિકાસ થયો હતો. રોજગારી માટે વડોદરાથી વાપી સુધીના પટ્ટામાં જ જવું પડતું હતું. તેની સામે પાયાની ભૌતિક અને આંતરમાળખાકીય સુવિધાઓ સરળતાથી ઉપલબ્ધ કરાવવાના કારણે આજે તાલુકાકક્ષાએ પણ ઉદ્યોગો સ્થપાયા છે અને લોકોને સ્થાનિક જ રોજગારી મળતી થઈ છે. જેના કારણે ગુજરાત દેશનું ગ્રોથ એન્જીન બન્યું છે.

ગરીબોને પગભર કરવા માટે રોજગારીની સ્થિતિનો ચિતાર આપતા ભૂપેન્દ્રભાઈ પટેલે કહ્યું કે, બે દાયકા પૂર્વે ગુજરાતમાં માત્ર ૨.૮૬ લાખ ઉદ્યોગો હતો, હવે અત્યારે ૧૬ લાખ જેટલા નાનામોટા ઉદ્યોગો ગુજરાતમાં કાર્યરત છે અને તેમાં જરૂરતમંદોને રોજગારીના અવસરો મળી રહ્યા છે.

ડબલ એન્જીન સરકારનો લાભ ગુજરાતને મળી રહ્યો છે, તેની ભૂમિકા આપતા ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે, પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ગરીબોને પાકા આવાસો, ઉજ્જ્વલા યોજના હેઠળ ગેસ જોડાણ, જનધન યોજનામાં બેંક ખાતા, પીએમ સ્વનિધિમાં નાના ફેરિયાઓને ગેરેંટી વિનાની લોનસહાય આપવામાં આવી છે. આ ઉપરાંત નલ સે જલ અંતર્ગત ગુજરાતમાં ૯૮ ટકા કામ પૂર્ણ થઈ ગયું છે. સાથે આદિજાતિ જિલ્લામાં ઉચ્ચ શિક્ષણનો વ્યાપ વધે એ માટે મેડિકલ અને ઈજનેરી કોલેજો શરૂ કરવામાં આવી છે. જેના કારણે આદિવાસી યુવાનોને સ્થાનિક કક્ષાએ જ ઉચ્ચ શિક્ષણની સુવિધાઓ પ્રાપ્ત થઈ છે.

મુખ્યમંત્રીએ ગોધરા જિલ્લા માટે મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી કે, કડાણા ડેમમાંથી પાનમ ડેમમાં પાણી નાખવાની યોજનાને રાજ્ય સરકાર દ્વારા તાંત્રિક મંજૂરી આપવામાં આવી છે. આ યોજના સાકાર થતાં ખેડૂતો માટે સિંચાઈનું પાણી ઉપલબ્ધ થશે.

વડાપ્રધાનના આત્મનિર્ભર ભારતના સ્વપનને આત્મનિર્ભર ગુજરાત થકી સાકાર કરવા સૌને સાથે મળી આગળ વધવા મુખ્યમંત્રીએ અંતે અનુરોધ કર્યો હતો.

આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી નિમિષાબેન સુથારે જણાવ્યું કે, અંત્યોદયની ભાવના સાકાર કરવા માટે તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં ગરીબ કલ્યાણ મેળાનો માર્ગ પ્રશસ્ત કરી વંચિતોને તેમને મળવા પાત્ર લાભો એક છત્ર હેઠળ આપવાની કાર્યશૈલી વિકસાવી છે અને તેને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આગળ વધારી છે. છેલ્લા બે દાયકાથી સર્વસમાવેશક નીતિથી સરકારે જનવિશ્વાસ સંપાદિત કર્યો છે. સ્પષ્ટ નીતિ અને સાફ નિયતને કારણે ગુજરાતે વિકાસના અનેક કીર્તિમાન સ્થાપ્યા છે.

પ્રારંભમાં કલેકટર સુજલ મયાત્રાએ સૌનો આવકાર કર્યો હતો. જિલ્લા વિકાસ અધિકારી ડી.કે. બારિયાએ આભાર વિધિ કરી હતી.

આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ જેઠાભાઈ ભરવાડ, જિલ્લા પંચાયત પ્રમુખ, સાંસદ રતનસિંહ રાઠોડ, ધારાસભ્યો સર્વ જયદ્રથસિંહજી પરમાર, સી.કે. રાઉલજી, સુમનબેન ચૌહાણ, જિલ્લા પ્રભારી રાજેશભાઈ પટેલ, જિલ્લા ભાજપા પ્રમુખ અશ્વિનભાઈ પટેલ, અગ્રણીઓ, અધિક વિકાસ કમિશનર અર્જુનસિંહ રાઠોડ, પ્રભારી, અગ્રણીઓ, પદાધિકારીઓ, અધિકારીઓ સહિત લાભાર્થીઓ અને નાગરિકો વિશાળ સંખ્યામાં હાજર રહ્યા હતા.

## ગોધરાના વોર્ડ નં.૨ વિસ્તારમાં વિધાનસભામાં થતાં ૫૦ ટકા મતદાનને લઈ

# નાલંદા સ્કૂલ ખાતે SDM અને મામલતદાર દ્વારા વોર્ડ નં.૨ માં મતદાનને લઈ રાખેલ મિટીંગમાં હોબાળો





ગોધરા,

ગોધરા નગર પાલિકાના વોર્ડ નં.૨ વિસ્તારની નાલંદા સ્કુલ ખાતે આ વોર્ડમાં ઓછા મતદાન બાબતે જાગૃતી માટે પ્રાંત અધિકારી અને મામલતદાર દ્વારા મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મીટીંગમાં વોર્ડના ચુંટાયેલા પાલિકા સભ્યએ મતદાન ઓછું થવા માટે પ્રાથમિક સુવિધાનો અભાવ હોય ત્યારે ૫૦ ટકા મતદાનના સ્થાને ૨૫ ટકા મતદાન થશે તેમ જણાવતાં સભ્યને મીટીંગ માંથી બહાર કાઢી મૂકી પ્રાંત અધિકારી પણ મીટીંગ છોડી ચાલ્યા ગયા હતા.

ગોધરા નગર પાલિકાના વોર્ડ નં.૨ વિસ્તારમાં વિધાનસભા ચુંટણીમાં ૫૦ ટકા જેટલા મતદાર થતું હોય ત્યારે આ વિસ્તારમાં મતદાન જાગૃતિ માટે ગોધરા પ્રાંત અધિકારી અને મામલતદાર દ્વારા નાલંદા સ્કુલ ખાતે મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. મીટીંગમાં વોર્ડ નં.૨ના મતદારો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સાથે વોર્ડ નં.૨ના ચુંટાયેલા સભ્ય નરી ત્યાં હાજર રહ્યા હતા અને મતદાન ઓછું થવા માટે આ વિસ્તારમાં પ્રાથમિક સુવિધાનો અભાવ હોય જેને લઈ હજી ૫૦ ટકા મતદાન થાય છે. તેના સ્થાને ૨૫ ટકા મતદાન થશે તેવું ઉંચેથી બોલતા હોય જેને લઈ પ્રાંત અધિકારી દ્વારા પાલિકા સભ્યને મીટીંગ માંથી બહાર કાઢી મુકયા હતા અને સ્થાનિક લોકો રજુઆત સાંભળીને પ્રાંત અધિકારી મીટીંગ છોડી ચાલ્યા ગયા હતા.

## પંચમહાલ જીલ્લાની કોલેજો બીજેપી યુવા મોર્ચા દ્વારા રાજકીય અખાડો બનાવી દેતા યુથ કોંગ્રેસ દ્વારા કુલપતિને આવેદન આપ્યું




ગોધરા,

પંચમહાલ જીલ્લાના કોલેજ અને કેમ્પસને રાજકીય પક્ષ દ્વારા રાજકીય અખાડો બનાવી દેવામાં આવ્યો છે અને વિદ્યાર્થીઓની અનિચ્છા છતાં પણ ‘‘માય ફસ્ટ વોટ ફોર મોદી’’ જેવા કાર્યક્રમ ભાજપા યુવા મોર્ચા દ્વારા યોજવામાં આવી રહ્યા છે. તેના વિરોધમાં પંચમહાલ જીલ્લા યુથ કોંગ્રેસ દ્વારા શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સીટી કુલપતિને આવેદન આપવામાં આવ્યું. પંચમહાલ જીલ્લાની કોલેજો અને કોલેજ કેમ્પસમાં ભાજપ યુવા મોર્ચા દ્વારા કોલેજને રાજકીય અખાડો બનાવી દેવામાં આવ્યો છે. કોલેજમાં અભ્યાસ માટે આવતાં વિદ્યાર્થીઓને અનઈચ્છાએ પણ આવા રાજકીય એજન્ટો સાથેના કાર્યક્રમ યોજીને ‘‘માય ફસ્ટ વોટ ફોર મોદી’’ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. કોલેજમાં આવી મંજુરી આપનાર પ્રિન્સીપાલ સામે સખત કાર્યવાહી થાય તેવી માંગ સાથે પંચમહાલ જીલ્લા યુથ કોંગ્રેસ દ્વારા આજરોજ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સીટીના કુલપતિને આવેદન આપીને વિરોધ વ્યકત કરવામાં આવ્યો છે.

## ICAR-CIFRI ના વડોદરા રિસર્ચ સ્ટેશન દ્વારા પંચમહાલ જિલ્લા દેવ ડેમ ખાતે CIFRI-HDPE પેન ટેકનોલોજીનું પ્રદર્શન યોજાયું




ગોધરા,

આઈસીએઆર-સેન્ટ્રલ ઈનલેન્ડ ફિશરીઝ રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ (ICAR-CIFRI) ના વડોદરા રિસર્ચ સ્ટેશન દ્વારા પંચમહાલ જિલ્લાના દેવ ડેમ ખાતે ‘ધી દેવ ડેમ’ અસરગ્રસ્ત વિકાસ મત્સ્ય ઉછેર સહકારી મંડળી લી.ના ભમરીયા ગામના આદિવાસી માછીમારોને ‘સી.આઈ.એફ.આર.આઈ એચ.ડી.પી.ઈ પેન ટેક્નોલોજી’ નું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.

દેવ ડેમ માટે સ્ટોકેબલ સાઈઝની ફિશ ફિંગરલિંગ્સના ઉત્પાદન માટે ૦.૧ હેક્ટર સીઆઈએફઆરઆઈ એચડીપીઈ પેનમાં કટલા અને રોહુના મત્સ્ય બીજ છોડવામાં આવ્યા હતા. સ્ટોક કરી શકાય તેવા કદની માછલીની ફિંગરલિંગ ઉપલબ્ધતાએ ભારતના જળાશયો માંથી માછલીના ઉત્પાદનમાં વધારો કરવામાં એક અવરોધ છે. ‘સી.આઈ.એફ આર.આઈ એચ.ડી પી.ઈ પેન’ એ આઈ.સી.એ.આર-સેન્ટ્રલ ઈનલેન્ડ ફિશરીઝ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા વિકસાવવામાં આવેલી ટેકનોલોજી છે. જે માછીમારોને જળાશયોના અમુક ભાગને બંધ કરીને જળાશયોના સ્થળે સંગ્રહ કરી શકાય તેવા કદની માછલીની ફિંગરલિંગ ઉછેર કરવાની તક પૂરી પાડે છે.

આ ટેકનોલોજીનો બિહાર, પશ્ચિમ બંગાળ, ઓડિશા, આસામ, ઉત્તર પ્રદેશ વગેરે રાજ્યોમાં વેટલેન્ડ્સ અને જળાશયોમાં સફળતાપૂર્વક ઉપયોગ કરવામાં આવ્યો છે. ગુજરાતના જળાશયો માંથી માછલીના ઉત્પાદનમાં વધારો થવાને ધ્યાનમાં રાખીને આઈ.સી.એ આર,સી.આઈ.એફ.આર.આઈનું વડોદરા રિસર્ચ સ્ટેશન કેન્દ્ર સરકારના શિડ્યુલ ટ્રાઈબ કોમ્પોનન્ટ (STC) હેઠળ રાજ્યમાં આ ટેકનોલોજીનું પ્રદર્શન કરી રહ્યું છે. મંડળીના આદિજાતિ માછીમારોને માછલીના બિયારણનો સંગ્રહ કરવા, ખોરાક આપવા અને સી.આઈ એફ.આર.આઈ એચ.ડી.પી.ઈ પેનના અન્ય વ્યવસ્થાપન પાસાઓ અંગે તાલીમ આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં વડોદરા રિસર્ચ સ્ટેશનના સાયન્ટિસ્ટ ઈન્ચાર્જ ડો.એસ.પી. કાંબલે, સાયન્ટિસ્ટ લોહિતકુમાર કે., જયેશ કે. સોલંકી, ટેકનિકલ ઓફિસર, સી.ડી.પરમાર, એએઓ, જે.સી. સોલંકી, એસએસએસ અને મંડળીના સભ્યો સહિત ચેરમેન શનાભાઈ રાજપુત ઉપસ્થિત રહ્યા હતા.

## ગોધરા વડેલાવમાં સગીરા સાથે દુષ્કર્મના આરોપીને પોસ્કો હેઠળ ૭ વર્ષથી સજા ફટકારતી કોર્ટ

ગોધરા,

ગોધરા તાલુકાના વડેલાવ ગામની સગીરાને આરોપી પટાવી ફોસલાવી ભગાડી લઈ જઈ દુષ્કર્મ આચરવાના ગુન્હામાં આરોપી વિરૂદ્ધ પોસ્કો હેઠળ ગુન્હો નોંધાયેલ હતો. આ ગુન્હાનો કેસ સેશન્સ જજની કોર્ટમાંચાલી જતાં ૭ વર્ષની સજા અને ૩ હજાર રૂપીયાના દંડની કોર્ટે સજા ફટકારી. ગોધરા તાલુકાના વડેલાવ ૨૦૨૦ના વર્ષમાં સગીરાનું ગામના ઈસમ બુધાભાઈ પ્રભાતભાઈ વડેલે સગીરાનું તેના વાલીના વાલીપણા માંથી ભગાડી લઈ જઈને દુષ્કર્મ આચરીને શારીરિક શોષણ કરેલ હોય આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે પોકસો હેઠળ ફરિયાદ નોંધાઈ હતી. આ ગુન્હાના કેસ બીજા અધિક જીલ્લા અને સેશન્સ જજની કોર્ટમાં ચાલી જતાં કોર્ટ દ્વારા આરોપી બુધાભાઈ વડેલેને ૭ વર્ષની સખત કેદની સજા ફટકારવામાં આવી.

## એમ.જી. મોટર્સ હાલોલના સંયુક્ત ઉપક્રમે કવાટ ખાતે બહેનો માટેનો ભરતી મેળો યોજાયો




ગોધરા,

શ્રી ગોવિંદ ગુરૂ ટ્રાયબલ ચેર શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ગોધરા તથા સરકારી વિનયન કોલેજ કવાટ અને એમ.જી મોટર હાલોલના સંયુક્ત ઉપક્રમે બહેનો માટેનો ભરતી મેળો સરકારી વિનયન કોલેજ કવાટ ખાતે કોલેજ કેમ્પસમાં યોજાયો હતો. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના કુલપતિ ડો.પ્રતાપસિંહ ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા તેમજ શ્રી ગોવિંદ ગુરૂ ટ્રાયબલ ચેરના કોઓર્ડીનેટર ડો.મહેશભાઈ રાઠવા તથા ટ્રાઈબલ ચેરના સભ્ય સુભાષભાઈ ઈસાઈ, રસિકભાઈ રાઠવા તેમજ ગીતાબેન રાઠવા તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કોમર્સ વિભાગના અધ્યક્ષ ડો. દક્ષાબેન ચૌહાણ પણ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી ગોવિંદ ગુરૂ ટ્રાઈબલ ચેર અને એમજી મોટરના સંયુક્ત આયોજનથી યોજાતા આ ભરતી મેળાનો ઉદ્દેશ ટ્રાઈબલ વિસ્તારની બહેનોને એમ.જી. મોટર જેવી મોટી કંપનીમાં રોજગારી આપવાનો છે. કોલેજના આચાર્ય ડો.સી.બી. રાઠવા એ બહેનોને આ વિસ્તારમાં રોજગારીનું પ્રમાણ ઓછું હોવાથી આવી તકનો લાભ લેવા માટે પ્રોત્સાહન આપ્યું હતું. કુલપતિ ડો. પ્રતાપસિંહ ચૌહાણ વિદ્યાર્થીઓને સાહસ, હિંમત અને આત્મવિશ્વાસ સાથે ખૂબ જ મહેનત કરીને સમાજનું નેતૃત્વ કરવા માટે આહવાન કર્યું હતું. શ્રી ગોવિંદ ગુરૂ ટ્રાઈબલ ચેરના કોઓર્ડીનેટર ડો.મહેશભાઈ રાઠવા એ જણાવ્યું હતું કે, ટ્રાઈબલ ચેરના નેજા હેઠળ અત્યાર સુધીમાં આદિવાસી વિસ્તારની બહેનોને એમ.જી. મોટરમાં ૫૦૦ જેટલી બહેનોને રોજગારી સફળતાપૂર્વક પૂરી પાડવામાં આવી છે. શ્રી ગોવિંદ ગુરૂ ટ્રાઈબલ ચેર અંતર્ગત બહેનો માટે યોજાતો આ આઠમો ભરતી મેળો છે. કોલેજમાં અભ્યાસ કરતી અને તે સિવાયની ધોરણ -૧૨ પાસ કરેલ કવાંટ તાલુકાની અન્ય બહેનોએ પણ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભરતી મેળામાં ભાગ લીધો હતો. આ પ્રસંગે એમ.જી. મોટર હાલોલની એચ.આર.વિભાગની ટીમ અને મેડિકલ ટીમ ઉપસ્થિત રહી હતી અને કંપનીના ભરતી માટેના માપદંડ અનુસાર પ્રાથમિક તપાસ કરી ઈન્ટરવ્યૂ પણ લીધા હતા. ખૂબ જ ઓછી ફી સાથે કંપની બહેનોને હોસ્ટેલમાં રહેવાની, આવવા-જવાની તથા જમવાની વ્યવસ્થા પૂરી પાડે છે. આ ભરતી મેળામાં ૩૫૦ જેટલી બહેનોએ ભરતી મેળામાં ભાગ લીધો હતો. જેમાંથી કુલ ૬૦ બહેનો કંપનીના ઈન્ટરવ્યૂના તબક્કા માટે પસંદગી પામી હતી. આ તમામ બહેનોને યુનિવર્સિટીના કુલપતિ ડો.પ્રતાપસિંહ ચૌહાણ, ઈસી સભ્ય ડો.અજયભાઈ સોની તેમજ ટ્રાઈબલ ચેરના કોઓર્ડીનેટરે ડો.મહેશ રાઠવાએ તેમજ ટ્રાયબલ ચેરના તમામ સભ્યોએ શુભેચ્છાઓ તેમજ અભિનંદન પાઠવ્યા હતા.